Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૪૭ · તા. ૧૫ થી ૨૧ નવેમ્બર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14



## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, ગદગ દેરાસર શતાબ્દી મહોત્સવ - આછી ઝલક



વારાણસી નગરી તથા દેરાસરનાં આગળના ભાગનો શણગાર



અઢાર અભિષેક દરમિયાન પૂ.સાધ્વીજી મ.સા.
દ્વારા વાસક્ષેપ પૂજન.



રંગ મંડપની ધ્વજાનાં લાભાર્થી પરિવાર
શ્રીમતી જેવંતીબાઇ રતિલાલ મોતા પરિવાર



રથયાત્રામાં પ્રભુજીની મુર્તિ લઇને રથમાં બેસવાનો ચઢાવો લેનાર લાભાર્થી :
શ્રીમતી હંસાબેન શિ. લોડાયા તથા સારથી બનેલ તારક ખુશાલ હિ. છેડા



રથયાત્રાનું દૃશ્ય



રથ યાત્રા દરમિયાન ગજ ઉપર ધ્વજ સાથે લાભાર્થી પરિવાર



ચૈત્ય અભિષેકના લાભાર્થી
શ્રીમતી સરલાબેન વિજય મૈશેરી (બેલ્લારી)





મુખ્ય ધ્વજાના લાભાર્થી શ્રીમતી મનોરમાબેન તિલકચંદ કુંવરજી લોડાયા તથા શ્રીમતી ઉષાબેન હરીશ મુનવર પરિવાર



ક્ષેત્રપાલની ધ્વજાના લાભાર્થી
શ્રીમતી કેજલ તથા વિપૂલ નરેન્દ્ર લુઠીયા





▲ હેલીકૉપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ

◀ મુખ્ય ધ્વજા તથા નૂતન ધ્વજ દંડની
પ.પૂ.સાધ્વીજી મ.સા. દ્વારા વાસક્ષેપ પૂજા.



દ્વારોદ્‌ઘાટન ના લાભાર્થી
માતૃશ્રી જવેરબાઇ વીરજી ગાલા પરિવાર

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, ગદગ દેરાસર શતાબ્દી મહોત્સવ - આછી ઝલક

## વિશિષ્ટ પ્રસંગો



વારાણસી નગરીનું ઉદ્‌ઘાટન : લાભાર્થી પરિવાર: માતૃશ્રી ગુણવંતીબેન કુંવરજી લોડાયા.



શ્રી ભરત ચકવર્તી ભોજન ખંડનું ઉદ્‌ઘાટન.
લાભાર્થી પરિવાર : શ્રીમતી વિણાબેન નરેન્દ્ર તથશ કેજલ વિપૂલ લુઠીયા



પરમ પૂજ્ય સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.તથા
પ.પૂ. સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.નો નગર પ્રવેશ



પૂજ્યશ્રીનાં નગર પ્રવેશ વખતે ગહૂંલી માટે તૈયાર બહેનો



પૂજ્યશ્રી દ્વારા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનને આમંત્રણ
એવમં પત્રિકા અર્પણ



૧૦૮ પાર્શ્વનાથ પૂજન



અઢાર અભિષેક પૂજન



પ.પૂ.સા.શ્રી જય દર્શિતાશ્રીજી મ.સા. તથા
પ.પૂ.સા.શ્રી હિમાંશુશ્રીજી મ.સા. દ્વારા દાદાશ્રીનો શણગાર



◀ આમંત્રણ પત્રિકામાં લિખિતંગના
લાભાર્થી પરિવાર:
માતૃશ્રી જવેરબાઇ વિરજી પાલણ ગાલા
પરિવાર દ્વારા કુમકૂમ છાંટણા



જ્વારા રોપણ ▶



◀ દશ દિક્‌પાલ પૂજન



બૃહત્ શાંતિ સ્નાત્ર પૂજન ▶



◀ કુમારપાલરાજાની આરતીના લાભાર્થી
શ્રીમતી રેશ્મા તથા પરેશ વિરેન્દ્ર લોડાયા



ધ્વજ દંડની પ્રદક્ષિણા ▶

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન-ગદગ
# દેરાસર શતાબ્દી મહોત્સવ - આછી ઝલક

અચલ ગચ્છાધિપતિ તપસ્વી રત્ન પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના. આજ્ઞાવર્તીની પરમ પૂજ્ય સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પરમ પૂજ્ય સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રાવણ સુદ ૭ થી ૧૧ તા. ૨.૮.૧૪ થી ૬.૮.૧૪ સુધી ગદગ દેરાસરનો શતાબ્દી પંચાન્હિકા મહોત્સવ ખૂબજ ધામધુમથી ઉલ્લાસપૂર્વક ઉજવાઈ ગયો.

છેલ્લા પાંચ વર્ષથી શતાબ્દી મહોત્સવ કેવી રીતે ઉજવવો એની તૈયારીઓ ચાલુ હતી. એ માટે સૌ પ્રથમ પરમ પૂજ્ય મ.સા.ની નિશ્રા માટે અમો અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંતને પાંચ વર્ષથી વિનંતી કરતાં હતાં. સાથે સાથે પરમ પૂજ્ય સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ને પણ ચાતુર્માસ તથા શતાબ્દી મહોત્સવની નિશ્રા માટે વિનંતી કરતાં હતાં.

છેવટે શ્રી સંઘની વિનંતીને માન આપી પરમપૂજ્ય ગચ્છાધિપતિશ્રીએ પરમપૂજ્ય સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ને ગદગ મધે ચાતુર્માસ કરવાની અનુમતિ આપી. જેનો સ્વીકાર કરીને તથા સંઘની લાગણીઓને માન આપી, ખંડવાથી ઉગ્ર વિહાર કરી માત્ર ૩૨ દિવસમાં અંદાજે ૮૫૦ કિ.મી જેટલો વિહાર કરી તા. ૨૨.૬.૧૪ના નગર પ્રવેશ કર્યો તા.૨૯.૬.૧૪ના શ્રી સંઘ દ્વારા ખુબજ ધામધુમથી અને ઉત્સાહપુર્વક સામૈયા સાથે ચાતુર્માસ પ્રવેશ થયો. તેજ દિવસે મહત્વના ચઢાવા બોલવામાં આવ્યા હતાં.

શતાબ્દી મહોત્સવની તૈયારીઓ પૂજ્ય સાધ્વીજી મ.સા.ના. માર્ગદર્શન હેઠળ થઈ. જ્ઞાતિજનોને આગોતરૂં આમંત્રણ પાઠવવામાં આવ્યું. કાર્યક્રમની વિગતવાર માહિતી સાથેની આમંત્રણ પત્રિકા તૈયાર કરવામાં આવી. જેના લિખિતંગના ચઢાવાના લાભાર્થી શ્રીમતી જવેરબાઈ વીરજી પાલણ ગાલા પરિવાર (ભોજાય) હતા. આમંત્રણ પત્રિકાના કેસર - કુમ કુમ છાંટણાનો કાર્યક્રમ તા. ૬.૭.૧૪ના રોજ સંપન્ન થયો.

આમંત્રણ પત્રિકાઓ સકળ સંઘને તથા સાધુ - સાધ્વીજી મ.સા.ને પાઠવવામાં આવી. જેનો અમને સારો પ્રતિસાદ મળ્યો હતો. લગભગ ૭૫૦ થી ૮૦૦ જેટલા મહેમાનો ગદગ મધે શતાબ્દી મહોત્સવ પ્રસંગે પધાર્યા હતા. જેમની દરેક જાતની સુવિધા શ્રી સંઘે કરી હતી.

### પ્રીતિકારી પ્રથમ દિવસ :
### શ્રાવણ સુદ ૭ શનિવાર તા. ૨ ઓગસ્ટ ૧૪

સવારનાં ૬.૩૦ વાગે સ્નાત્રપુજા ભણાવવામાં આવી. ૭ વાગે વારાણસી નગરીનું ઉદઘાટન કરવામાં આવ્યું જેનો લાભ શ્રીમતી ગુણવંતીબેન કુંવરજી લોડાયા (સાંયરા) ગદગ પરિવારે લીધો. ૭.૩૦ વાગે ભરત ચક્રવર્તી ભોજન ખંડનું ઉદઘાટન કરવામાં આવ્યું. જેનો લાભ શ્રીમતી વીણાબેન નરેન્દ્ર રતનશી લુઠીયા (કચ્છ - નાની ખાવડી) ગદગ પરિવારે લીધો. ૮ વાગેથી કુંભ સ્થાપના, દીપક સ્થાપના, જ્વારા રોપણ, નવગ્રહ પાટલા પૂજન, દશ દિકપાલ પાટલા પુજન તથા અષ્ટ મંગલ પાટલા પુજન કરવામાં આવ્યા. રાત્રે ૮.૩૦ વાગે ભક્તિ ભાવના રાખવામાં આવી હતી.

### દિવ્યતાનો દ્વિતીય દિવસ :
### શ્રાવણ સુદ ૮ રવિવાર તા. ૩ ઓગસ્ટ ૧૪

સવારના ૬.૩૦ વાગે સ્નાત્રપુજા ભણાવવામાં આવી. ૯ વાગે વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. તે દરમિયાન શતાબ્દી આરાધકોનું બહુમાન કરવામાં આવ્યું. નૂતન ધ્વજા દંડ તથા નુતન (શતાબ્દી) ધ્વજા તેમજ અન્ય ધ્વજાઓના આદેશ આપવામાં આવ્યા. નૂતન ધ્વજદંડ તથા મુખ્ય (શતાબ્દી) ધ્વજાનો ચઢાવો શ્રીમતી મનોરમાબેન તિલકચંદ કુંવરજી લોડાયા પરિવાર (સાંયરા - ચેન્નઈ) તથા શ્રીમતી ઉષાબેન હરીશ મુનવર (જખૌ - ગદગ) પરિવારે સંયુક્તપણે ૨,૩૧,૧૩૧ મણમાં લીધો હતો. રંગ મંડપની ધ્વજાના લાભાર્થી શ્રીમતી જયવંતીબેન રતિલાલ ભવાનજી મોતા પરિવાર (તેરા-મુંબઈ) ૫૫,૫૫૫ મણ હસ્તે શ્રીમતી દક્ષાબેન લાજેશ મોતા હતાં. ક્ષેત્રપાલની ધ્વજાનો ચઢાવો શ્રીમતી વીણાબેન નરેન્દ્ર રતનશી લુઠીયા (નાની - ખાવડી - ગદગ) પરિવારે ૩૩,૩૩૩ મણમાં લીધો હતો.

બપોરના વિજય મુહુર્તે ૧૨.૩૯ કલાકે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન કરવામાં આવ્યું જેનો ૨૭ લાભાર્થીઓએ લાભ લીધો. મહાજનશ્રીનાં નેજા હેઠળ મિત્ર મંડળ તરફથી સ્થાનિક લોકો માટે બપોરનાં ભોજન સમારંભનું આયોજન (પાર્શ્વનાથ માર્ગ) કરવામાં આવ્યું હતું. જેનો લગભગ ૩૫૦૦ લોકોએ લાભ લીધો હતો. રાત્રે પ્રભુજીની લાખેણી આંગી - ભક્તિ ભાવના તથા રોશની કરવામાં આવી - રાત્રે ૮ વાગે શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના રાખવામાં આવી હતી. જેના લાભાર્થી હતા શ્રી વાલજી ધનજી તથા શ્રી જીવરાજ ધનજી મોતા પરિવાર (ગદગ)

## રત્નત્રયીનો તૃતીય દિવસ :
## શ્રાવણ સુદ ૯ સોમવાર તા. ૪ ઓગસ્ટ ૧૪

સવારના ૬.૩૦ વાગે સ્નાત્રપુજા ભણાવવામાં આવી. ૮.૩૦ વાગે પ્રભુજીની ભવ્યાતિભવ્ય રથયાત્રા કાઢવામાં આવી. જેમાં લગભગ ૧૨૦૦ જેટલા ભાઈ - બહેનો જોડાયા હતા. રથયાત્રામાંના શણગારેલા હાથી - ઘોડા, ઝાંખી (ટેબ્લો), સિદ્ધપુર પાટણથી આવેલ ઢોલ - શરણાઈ વાદકો, અન્ય બેન્ડ વાજા તથા ધાર્મિક સ્તવનો ગાતી મંડળી વગેરેથી રથયાત્રા આકર્ષણનું કેન્દ્ર બની હતી. રથયાત્રા દરમિયાન હેલીકોપ્ટરથી પુષ્પ - વૃષ્ટિ કરવામાં આવી. વિવિધ વાહનો સાથે રથયાત્રા ૨૫૦ મીટર જેટલી લાંબી થઈ હતી. જેમાં રાજસ્થાની સમાજનાં ત્રણે ફિરકાના સભ્યો, દિગમ્બર સમાજ અને શ્રી ગુજરાતી સમાજનાં સભ્યો હોંશભેર જોડાયા હતા. રથયાત્રા રાજસ્થાની મુર્તિપુજક સંઘનાં દેરાસરે પહોંચી ત્યાં પરમ પૂજ્ય સાધ્વીજી મ.સા. દ્વારા ચૈત્યવંદન કરીને - ચાંદીની વાસક્ષેપની ડબ્બી સાથેનો થાળ અર્પણ કરવામાં આવ્યો. રથયાત્રા દરમિયાન રાજસ્થાની સમાજ તરફથી વિવિધ સ્થળોઓએ ઠંડા પીણા વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમનાં તરફથી સંઘ પુજન કરવામાં આવ્યું હતું.

બપોરના વિજય મુહુર્તે ૧૮ અભિષેક કરાવવામાં આવ્યા જેમાં ૧૮ લાભાર્થી પરિવારોએ ભાગ લીધો. રાત્રે ૭.૪૫ વાગે કુમારપાળ રાજાની મહા આરતી ઉતારવામાં આવી જેનો લાભ શ્રી વિરેન્દ્ર પદમશી લોડાયા પરિવારે (કોઠારા - ગદગ) ૧,૫૫,૫૫૫ રૂ માં લીધો હતો. દરેકને દીવડા આપવામાં આવ્યા જેનાથી ૧૦૮ દીવાની મહાઆરતી દીપી ઊઠી.

રાત્રે ૮.૩૦ વાગે 'એકતામાં અનેકતા - મોક્ષ એજ અંત' નામનો સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ગદગના તથા બહારગામનાં મળીને અંદાજે ૨૦૦ જણાએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને અભુતપૂર્વ સફળતા મળી હતી તથા સર્વેની પ્રંશસાને પાત્ર બન્યો હતો.

## ચાર ગતિ ચુરનાર ચતુર્થ દિવસ :
## શ્રાવણ સુદ ૧૦ મંગળવાર તા. ૫ ઓગસ્ટ ૧૪

સવારનાં ૬.૩૦ વાગે સ્નાત્રપુજા ભણાવવામાં આવી. સવારનાં ૭ વાગે શ્રી સત્તરભેદી પૂજા ભણાવવાનો પ્રારંભ થયો. બરાબર ૮ કલાકને ૧૭ મિનિટે નૂતન ધ્વજ દંડની સ્થાપના તથા નુતન (શતાબ્દી) ધ્વજા ચઢાવવામાં આવી. ધ્વજારોહણ સમયે હેલીકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ કરવામાં આવી. સાથે ચારે દિશાએથી જયઘોષ, ઘંટનાદ તથા ઢોલ - શરણાઈના વાદનથી વાતાવરણ પવિત્રમય તથા અલૌકિક બની ગયું હતું. સૌના હૈયા નૂતન ધ્વજાને ચઢતી જોઈ ભાવ વિભોર બની ગયાં હતા. ધ્વજારોહણ બાદ જિનાલયને **'ચિંતામણી પાર્શ્વ ધામ તીર્થ'** તરીકે ઓળખવાની ઘોષણા પૂ. સાધ્વીજી મ.સા. દ્વારા કરવામાં આવી હતી. દક્ષિણ ભારત એકમનાં પ્રમુખ શ્રી ખુશાલભાઈ ધનજી ધરમશી (બેંગલોર) ના શુભ હસ્તે 'શતાબ્દી પ્રશસ્તિ' તકતી (શીલા) નું અનાવરણ કરવામાં આવ્યું.

આ ઐતિહાસિક - અનોખા પ્રસંગને લગભગ ૧૨૦૦ ભાવિકોએ નિહાળ્યો હતો. શતાબ્દી ધ્વજા મહોત્સવ નિમિત્તે ૧૦૦ કિ. ગ્રા. લાડુનું અનુકંપાદાન - વિતરણ શ્રી વીરજી પાલણ ગાલા પરિવાર (ભોજાય - ગદગ) તરફથી કરવામાં આવ્યું હતું. રાત્રે સંગીતકારો દ્વારા ભાવના ભણાવવામાં આવી હતી.

## પંચમ ગતિ અપાવનાર પંચમ દિવસ :
## શ્રાવણ સુદ ૧૧ બુધવાર તા. ૬ ઓગસ્ટ ૨૦૧૪

સવારનાં ૫.૩૦ વાગે દ્વારોદ્‌ઘાટનનાં લાભાર્થી પરિવાર શ્રીમતી જવેરબાઈ વીરજી પાલણ ગાલા પરિવારનાં નિવાસ સ્થાને જઈ દ્વારોદ્‌ઘાટન માટે તેમના પરિવારને વાજતે - ગાજતે શ્રી સંઘ દ્વારા મંદિરમાં તેડી લાવ્યાં. તે પછી મંત્રોચ્ચાર અને વિધિ બાદ શાસ્ત્રોક્ત પદ્ધતિ અનુસાર જયઘોષ તથા વાજિંત્રોના નાદ સાથે સવારનાં ૬.૩૦ વાગે દ્વારોદ્‌ઘાટન કરવામાં આવ્યું. લાભાર્થી પરિવારને દ્વારોદ્‌ઘાટનનું - ચાંદીનું તાળું ભેટ આપવામાં આવ્યું. ૮.૩૦ કલાકે બૃહત શાંતિ સ્નાત્રપુજન પ્રારંભ થયું. જેમાં ૨૭ લાભાર્થી પરિવારોએ ભાગ લીધો. સંપુર્ણ વિધિ સાથે પૂજન સંપન્ન થયું. દરેક વિધિ - વિધાન પ. પૂ. સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ. પૂ. સાધ્વી શ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની નિશ્રામાં સંપન્ન થયા હતા.

રાત્રે આંગી રચવામાં આવી તથા ભાવના ભાવવામાં આવી. વિધિકાર તરીકે શ્રી કેશવજીભાઈ ધારશી ગડા (મુંબઈ) તથા પ્રવીણભાઈ સાયલા (અંબરનાથ) પધાર્યા હતા. સંગીતકાર શ્રી મનોજ કારાણી અને શ્રીમતી ભાવના વોરા (ગડા) એ રંગત જમાવી હતી.

**ચમકારા :**

● મુખ્ય ધ્વજા ચઢાવનાર લાભાર્થીને સોનાની ધ્વજાની પ્રતિકૃતિ અને રંગમંડપ તથા ક્ષેત્રપાલની ધ્વજા લાભાર્થીને સોનાના ઢોળવાલી ચાંદીની ધ્વજાની પ્રતિકૃતિ સ્મૃતિ ચિન્હ તરીકે ભેટ આપવામાં આવી.

● આઠ રાજ્યોનાં લગભગ ૪૨ ગામોમાંથી અંદાજે ૭૫૦ થી ૮૦૦ મહેમાનો પધાર્યા હતા.

● રથયાત્રા ૨૫૦ મીટર લાંબી હતી. જેમાં ૧૨૦૦ જેટલા શ્રાવક - શ્રાવિકાઓ જોડાયા હતા.

● હુબલી બેંડ દ્વારા જૈન સ્તવનોની સુરાવલી

વહાવવામાં આવી હતી.

● રાજસ્થાની મૂર્તિપૂજક સંઘ, સ્થાનકવાસી સંઘ, તેરાપંથી સંઘ, દિગંબર સંઘ તથા શ્રી ગુજરાતી સમાજ - ગદગ ને ૩ દિવસ સ્વામીવાત્સલ્ય જમણનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.

● રાજસ્થાની દેરાસરમાં ચાતુર્માસ માટે પધારેલ પરમ પુજ્ય સાધ્વી શ્રી અમિતગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૪ ની નિશ્રા રથયાત્રા તથા ધ્વાજારોહણ વખતે પણ રહી હતી.

● પૂજ્ય સાધ્વીજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશ વખતે ૨૭ ગહુંલી કાઢવામાં આવી હતી.

● ગદગ શહેરની મુખ્ય ૧૫ જગ્યાએ સુશોભિત કમાનો તથા શુભેચ્છા જાહેરાતનાં ફલક (હોર્ડીંગ્ઝ) લગાડવામાં આવ્યા હતાં.

● અલગ અલગ સંઘો તથા શ્રાવક - શ્રાવિકાઓ દ્વારા પ્રભુજીને અર્પણ કરાયેલ સામગ્રીના પ્રદર્શનનું આયોજન પૂજ્ય સાધ્વીજી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પૂ. સાધ્વીજી શ્રી હિમાંશુશ્રીજી મ.સા. દ્વારા ખૂબજ આકર્ષક તથા વ્યવસ્થિતપણે કરવામાં આવ્યું હતું.

● ધ્વજારોહણ વખતે સાધર્મિકો તરફથી સોનાની વીંટીઓ, હાર તથા અન્ય સામગ્રીઓ પ્રભુજીને અર્પણ કરવામાં આવી હતી.

● ભરત ચક્રવર્તી ભોજન ખંડનો વિસ્તાર ૮૦૦૦ ચો. ફૂટ જેટલો હતો. જે શેઠશ્રી કરમશી પાંચારીયા હીરાબેન શામજી તથા હિરેન શામજી નાગડાનો વિશેષ આભાર પરિવારની જીનીંગ ફેક્ટરીમાં બનાવવામાં આવ્યું હતું. આ સુવિધા માટે સહકાર અપવા બદલ આ પરિવારના મોવડી.

● આવેલ મહેમાનો માટે ઉતારાની તથા વાહનની સુંદર વ્યવસ્થા કરાઈ હતી. વિદાય વખતે ભાથાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

● રથયાત્રા દરમિયાન તથા ધ્વજારોહણ વખતે હેલીકોપ્ટર માંથી પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી.

● વિધિ વિધાન માટે મુલુંડ - મુંબઈથી વિખ્યાત વિધિકાર શ્રી કેશવજી ધારશી ગડા પધારેલ. એમનાં સહાયક તરીકે શ્રી પ્રવીણભાઈ ગાંગજી સાવલા (અંબરનાથ) અને શ્રી નિલેશ શાહ પધારેલ.

● સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી મનોજ કારાણી તથા શ્રીમતી ભાવનાબેન દર્શન વોરા (ગડા) પોતાની મંડળી સાથે પધારી સંગીતની રમઝટ જમાવેલ. શહનાઈ વાદક તથા ઢોલી તરીકે સિદ્ધપુર પાટણથી જાલીમસિંહ નટ પોતાની મંડળી સાથે પધારી સંગીતમય વાતાવરણ ઊભું કરેલ.

## મહત્વની ભેટોની યાદી :

૧. શ્રીમતી મધુરીબેન નવીનચંદ્ર સોનાવાલા પરિવાર (નલીયા - બેંગલોર) તરફથી ૧૦ તોલાનો હેમનો હાર.

૨. શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ લુઠીયા (નાની ખાવડી - ગદગ) તરફથી તથા જવરબાઈ ત્રિકમજી લોડાયા (કુવાપધર - ગદગ) તરફથી સોનાની ચેન.

૩. શ્રીમતી આશાબેન શાંતિલાલ નાગડા (ગદગ - નલીયા) તરફથી ચાંદીનો મુગટ તથા કાનનાં કુંડલ.

૪. શ્રીમતી પ્રમિલાબેન પ્રમોદ મોમાયા (સાંયરા) ઘાટકોપર તરફથી હીરાનાં ચક્ષુ.

૫. શ્રી પુણ્યગુણ સમુહ સામાયિક મંડળ - ગદગ તરફથી કસબની આંગી તોરણ.

૬. કસબના રૂમાલ - ત્રિશલા ગ્રુપ (હુબલી) તરફથી.

૭. શ્રીમતી સુશીલાબેન દિનેશચંદ લોડાયા તરફથી અભિનવ કાચનો ઝુમ્મર

૮. દેવ - દેવીની ચુંદડીઓ :

   ૧. શ્રીમતી ઈંદિરાબેન જયંતિલાલ વિકમશી (જખૌ) - ઘાટકોપર

   ૨. માતુશ્રી ભમલબાઈ પદમશી પૂંજાભાઈ પીર. હ. તારાબેન મહેન્દ્ર પીર (સુથરી) ડોંબિવલી

   ૩. શ્રીમતી કોમલ મેહુલ નાગડા (નલીયા) ગદગ

   ૪. અ.સૌ. નીલમ દલેશ મોમાયા (સાંયરા) ચાલીસગામ

   ૫. અ.સૌ. મધુબેન દિનેશ નાયક દંડ (કોઠારા) મુલુંડ

   ૬. અ.સૌ. ગીતાબેન રમેશ લોડાયા (મંજલ રેલડિયા) ડોંબિવલી તરફથી.

## મુખ્ય ચઢાવાઓ :

ગુરુ પૂજન (તા. ૨૯.૬.૧૪) : વિજયાબેન મણીલાલ મુલજી નાગડા (સોનાવાલા) રૂા. ૭૮,૮૮૮.

૨. પૂ. સાધ્વીજી મ.સા.ને કામળી તથા વસ્ત્રો વહોરવાનું : શ્રીમતી સરલાબેન વિજય મૈશેરી (જખૌ) બેલ્લારી રૂા. ૧,૨૧,૧૧૧.

૩. આમંત્રણ પત્રિકામાં 'લિખિતંગ' નો ચઢાવો : શ્રીમતી જવેરબાઈ વીરજી પાલણ ગાલા પરિવાર (ભોજાય) ગદગ રૂા. ૧,૧૧,૧૧૧.

૪. વારાણસી નગરી ઉદઘાટન : શ્રીમતી ગુણવંતીબેન કુંવરજી લોડાયા પરિવાર (સાંયરા) ગદગ - રૂા. ૬૬,૬૬૬.

૫. ભરત ચક્રવર્તી ભોજન ખંડ ઉદઘાટન : શ્રીમતી વીણાબેન નરેન્દ્ર રતનશી લુઠીયા (નાની ખાવડી) ગદગ : રૂા. ૮૮,૮૮૮.

૬. કુંભ સ્થાપના : શ્રીમતી નવલબાઈ સોમચંદ ધનજી મુનવર (બેલ્લારી) ૧૦,૦૦૧ મણ.

૭. શ્રી નવગ્રહ પાટલા પૂજનઃ શ્રીમતી જેઠીબાઈ ખીમજી વીરા પરિવાર (ગદગ) ૯,૯૯૯ મણ.

૮. શ્રી અષ્ટમંગલ પાટલા પુજન : શ્રીમતી નવલબેન નવિનચંદ લાલકા (ગદગ) ૧૧,૧૧૧ મણ.

૯. નુતન ધ્વજા દંડ તથા નૂતન મુખ્ય ધ્વજા : શ્રીમતી મનોરમા તિલકચંદ લોડાયા (ચેન્નઈ) તથા શ્રીમતી ઉષાબેન હરીશ મુનવર (ગદગ) પરિવાર : ૨,૩૧,૧૩૧ મણ.

૧૦. રંગમંડપની ધ્વજા : શ્રીમતી જયવંતીબેન રતિલાલ ભવાનજી મોતા પરિવાર હસ્તે : શ્રીમતી દક્ષાબેન લાજેશ મોતા (નવી મુંબઈ) ૫૫,૫૫૫ મણ.

૧૧. ક્ષેત્રપાલની ધ્વજા : શ્રીમતી વીણાબેન નરેન્દ્ર રતનશી લુઠીયા (ગદગ) ૩૩,૩૩૩ મણ.

૧૨. રથયાત્રામાં પ્રભુજીની મુર્તિને લઈને બેસવાનો ચઢાવોઃ શ્રીમતી ધનકુંવરબેન ગોવિંદજી પદમશી લોડાયા (મુંબઈ) ૧૮,૦૦૧ મણ.

૧૩. પ્રભુજીને પોંખવાનો ચઢાવો : શ્રીમતી જેઠીબાઈ ખીમજી વીરા પરિવાર (ગદગ) ૨૧,૦૦૧ મણ.

૧૪. રથયાત્રામાં હાથી ઉપર બેસવાનો ચઢાવો : શ્રીમતી પલ્લવીબેન વીરચંદ શિયાડ (નાંદેડ) રૂા. ૬૧,૦૦૧.

૧૫. ધ્વજા દંડ, રંગ મંડપ તથા ક્ષેત્રપાલનો ચૈત્ય અભિષેક : શ્રીમતી ઉષાબેન હરીશ મુવનર (ગદગ) તથા શ્રીમતી મનોરમાબેન તિલકચંદ લોડાયા (ચેન્નઈ) ૧૦,૦૦૧ મણ.

૧૬. કુમારપાળ રાજાની આરતીઃ શ્રી વિરેન્દ્ર પદમશી લોડાયા હસ્તે શ્રી પરેશ વિરેન્દ્ર લોડાયા (ગદગ) રૂા. ૧,૫૫,૫૫૫.

૧૭. ગુરુપુજન : (તા. ૫.૮.૧૪) શ્રી દિનેશ મુલજી ગંગાજર પીર (બેંગલોર) રૂા. ૨,૦૧,૦૦૦.

૧૮. દ્વારોદ્‌ઘાટન : શ્રીમતી જવેરબેન વીરજી પાલણ ગાલા પરિવાર (ગદગ) ૮૮,૮૮૮ મણ.

૧૯. બૃહત શાંતિ સ્નાત્ર પૂજા દરમિયાન શાંતિ કળશનો ચઢાવો : શ્રીમતી કોમલબેન મેહુલ નાગડા તથા શ્રીમતી દક્ષાબેન લાજેશ મોતા ૧૪,૧૧૪ મણ.

## દેરાસર શતાબ્દી મહોત્સવનાં દાતાઓ
## લાખેણા દાતા રૂા. ૧,૧૧,૦૦૧/-

- શ્રીમતી જવેરબાઈ વીરજી ગાલા પરિવાર ભોજાય - ગદગ.
- શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા પરિવાર સાંયરા - ચેન્નઈ .
- શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન હુબલી.
- સ્વ. ધનુ તથા સ્વ. શ્રીમતી દક્ષા સુધીર સોનીનાં સ્મરણાર્થે હસ્તે : મેકુ - ફુઈ / માસી.

## આધાર સ્થંભ દાતા - રૂા. ૫૧,૦૦૧/-

- શ્રી સ્નાત્ર મંડળ તથા શ્રી મહિલા મંડળ - ગદગ.
- શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - કોઈમ્બતુર.
- શ્રીમતી ઈન્દુમતીબેન વિરચંદ નારાણજી નાગડા - હુબલી.
- શ્રીમતી મણીબાઈ કાંતિલાલ કલ્યાણજી મૈશેરી જખૌ - ગદગ.

## સુવર્ણ દાતા - રૂા. ૨૧, ૦૦૧/-

- શ્રી શાંતીલાલ ભવાનજી ધરમશી તથા શ્રી ખુશાલચંદ ભવાનજી ધરમશી (તેરા) ગદગ
- શ્રીમતી કસ્તુરીબાઈ ખીમજી લોડાયા, શ્રીમતી કાન્તાબાઈ ઠાકરશી શાહ તથા શ્રીમતી જયવંતીબેન લખમશી છેડા - અમદાવાદ.
- શ્રીમતી શોભા દિલીપ નાગડા (લાલા) કરાડ
- શ્રી મુલજી નરશી પોલડીયા (બાયઠ) મુંબઈ.
- શ્રીમતી મધુરીબેન ભવાનજી લોડાયા (કોઠારા) ચાલીસગામ.
- શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન - ચાલીસગામ
- શ્રી લક્ષ્મીચંદ કલ્યાણજી મૈશેરી (જખૌ) ગદગ
- માતુશ્રી દેકાંબાઈ મુલજી લખમશી લાપસીયા (સાંયરા) દેસાઈ પરિવાર
- શ્રી યોગન્દ્ર વેલજી પાલાણી (કોઠારા) બોરીવલી
- શ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલા (માટુંગા)
- શ્રી હરીશ દામજી ખોના (ગાંધીધામ)
- શ્રી ગુજરાતી સમાજ, ગદગ
- (સ્વ.) પુરબાઈ ગંગાજર પીર (બેંગલોર)
- શ્રીમતી કાશ્મીરાબેન વિનોદ લોડાયા (ઔરંગાબાદ)
- માતુશ્રી નવલબેન દેવજી આણંદજી મૈશેરી (બેંગલોર)
- માતુશ્રી જવેરબાઈ ધનજી ધરમશી (બેંગલોર)
- શ્રીમતી જયાબેન વિનોદ મોતા (મુલુંડ)

આ સિવાય રજત દાતા (રૂા. ૧૧,૦૦૧) નાં ૪૪ તથા સહાયક દાતા (રૂા. ૫૦૦૧) નાં ૬૨ નામો નોંધાયા છે.

**પ્રીતિકારી પ્રથમ દિવસ : શ્રાવણ સુદ ૭ સં. ૨૦૭૦ શનિવાર તા. ૨ ઓગસ્ટ ૨૦૧૪**

**નવકારશી ભક્તિ :** ● બાલુબેન ઉમેદલાલ શાહ પરિવાર હસ્તે શ્રી પ્રફુલ્લ શાહ, ગદગ.

**સાધર્મિક ભક્તિ :** ● શ્રી મહિલા મંડળ- ગદગ, ● શ્રી સ્નાત્ર મંડળ - ગદગ શ્રી કે.ડી.ઓ. મહિલા મંચ-ગદગ.

**બપોરની ચા :** ● શ્રીમતી પુષ્પાબાઈ માલશી હીરજી મોમાયા પરિવાર (સાંયરા) ગદગ.

**ચૌવિહાર ભક્તિ :** ● માતુશ્રી ધનબાઈ લક્ષ્મીચંદ શામજી લોડાયા (સુથરી) ગદગ : શ્રીમતી મીનાક્ષી પ્રવીણચંદ લોડાયા, શ્રીમતી શોભના જયચંદ લોડાયા, શ્રીમતી ગીતા હિરાચંદ લોડાયા, શ્રીમતી વીણા રાજેન્દ્ર લોડાયા, શ્રીમતી હિરાબોન લક્ષ્મીચંદ ભેદા, શ્રીમતી ઈંદુમતી લક્ષ્મીચંદ પોલડીયા, શ્રીમતી પ્રભાબેન હરીશ ખોના, શ્રીમતી તરલા વિજય છેડા, શ્રીમતી ભાવિની હેમંત લોડાયા, શ્રીમતી સેજલ ધરમેશ લોડાયા, શ્રીમતી હેમાલી રિશી લોડાયા, શીતલ, ડેનીલ, પાયલ, ગ્રેહા, ભાવિન, મિતેશ, નૈતિક, કીયાન.

**દિવ્યતાનો દ્વિતીય દિવસ : શ્રાવણ સુદ ૮ સં. ૨૦૭૦ રવિવાર તા. ૩ ઓગસ્ટ ૨૦૧૪.**

**નવકારશી ભક્તિ :** ● શ્રીમતી કસ્તુરબાઈ નરોત્તમલાલ ધરમશી (જખૌ) ગદગ ● શ્રીમતી જયશ્રી કિશોર મોતા (લાલા) મુંબઈ ● શ્રીમતી ખેતબાઈ ગંગાજર લોડાયા (તેરા) હુબલી.

**સાધર્મિક ભક્તિ :** ● શાન્તિ જ્વેલર્સ, (શિવગંજ) ગદગ : શ્રીમતી હસ્તુબાઈ હીરાચંદ શ્રીચંદજી જૈન પરિવાર, શ્રીમતી પ્રમિલા સુરેશકુમાર જૈન, રિંકુ -સચિન, નિશા - સંદિપ, શીતલ - કુણાલજી, ડિંપલ - વિપુલજી, મ્યાન, પ્રીનિશ.

**બપોરની ચા :** ● શ્રીમતી વર્ષા નવીન નાગડા (મોથારા) ગદગ ● સૌ. દીપ્તિ, દીપક શ્રીમતી બક્ષુબાઈ સાગરમલજી ભણશાલી (ગઢશિવાના) ગદગ.

**ચૌવિહાર ભક્તિ :** ● શ્રી પદમશી ઘેલાભાઈ મોતા પરિવાર (નલિયા) ગદગ.

**રત્નત્રયીનો તૃતીય દિવસ : શ્રાવણ સુદ ૯ સં. ૨૦૭૦ સોમવાર તા. ૪ ઓગસ્ટ ૨૦૧૪.**

**નવકારશી ભક્તિ :** ● ગદગની નિયાણીઓ (દીકરીઓ).

**સાધર્મિક ભક્તિ :** ● શ્રીમતી ઈન્દુમતીબેન જવેરચંદ સોની પરિવાર (વાંકુ) ગદગ

શ્રીમતી સ્મિતા - સુનિલ સોની, શ્રીમતી દક્ષા - સુધીર સોની, શ્રીમતી વેદા - સુજીવ સોની.

**બપોરની ચા :** ● શ્રી કુંવરજી શામજી નાગડા (નલિયા) ગદગ, હ. શ્રી ગિરીશ કુંવરજી નાગડા

**ચૌવિહાર ભક્તિ :** ● શ્રીમતી ધનબાઈ - લાલજી માણેકજી લોડાયા પરિવાર (કોઠારા) ગદગ :શ્રીમતી દમયંતી ચંદ્રકાંત લાલજી, શ્રીમતી જયશ્રી દિલીપ લાલજી, શ્રીમતી નીતા ભરત લાલજી, શ્રીમતી પૂર્વી પીનાકીન જેઠાભાઈ છેડા, શ્રીમતી મીનલ મેહુલ મોતા, શ્રીમતી મીથીલા ભાવીન દંડ, શ્રીમતી ચૈતાલી નિમેશ મોમાયા, શ્રીમતી દર્શના કૌશીક લોડાયા, શ્રીમતી ડીમ્પલ પ્રશાન્ત લોડાયા, શ્રીમતી મેઘા અતીત લોડાયા, શ્રીમતી રીધ્ધી કુમાર લોડાયા, વૈભવ, કેવન પલક, આયુશ.

**ચારગતિ ચુરનાર ચતુર્થ દિવસ : શ્રાવણ સુદ ૧૦ સં ૨૦૭૦ મંગળવાર તા. ૫ ઓગસ્ટ ૨૦૧૪**

**નવકારશી ભક્તિ :** ● શ્રીમતી ગુણવંતીબાઈ પ્રવીણચંદ લુઠીયા (નાની ખાવડી) ગદગ : શ્રીમતી ગીતા સતીશ લુઠીયા, શ્રીમતી દીપ્તિ મૌનેશ લુઠીયા, મીત, કેવીન, જેનીલ, શીખા, પ્રણવ, શ્રીમતી સ્મિતા મહેશ ધરમશી તથા શ્રીમતી શ્રુતિ તેજસ લોડાયા.

**સાધર્મિક ભક્તિ :** ● શ્રીમતી વિજયાબેન શીવજી કારાણી (દંડ) પરિવાર (સુથરી) ગદગ

જય, શ્રીમતી કલ્પના મહેન્દ્ર વિકમશી (જખૌ) વડોદરા, પ્રિયા, ચંદ્રીકા, શ્રીમતી જસ્મીના ભરત શીવજી કારાણી (દંડ).

**બપોરની ચા :** ● શ્રીમતી હિના હિતેશ છેડા કલીકટ ● શ્રીમતી મુલકુમારી કુમારપાલ લાલકા ● શ્રીમતી બીના સૌરિષ લોડાયા બેંગલોર.

**ચૌવિહાર ભક્તિ :** ● શ્રીમતી ઉષાબેન હરીશ મુનવર પરિવાર (જખૌ) ગદગ : દેવ, શ્રીમતી અમીશા રવિન્દ્ર મુનવર, શ્રીમતી અર્ચના કૌશિક નાગડા (રંગપુર) પૂના, શ્રીમતી ઉર્મિલા ગોવિંદજી લોડાયા (સાંયરા) મુંબઈ.

**પંચમ ગિત અપાવનાર પંચમ દિવસ : શ્રાવણ સુદ ૧૧ સં. ૨૦૭૦ બુધવાર તા. ૬ ઓગસ્ટ ૨૦૧૪.**

**નવકારશી ભક્તિ** : ● શા. ઉજમશી પ્રેમજી એન્ડ કંપની, ગદગ : માતુશ્રી મુલબાઈ પ્રેમજી કરમશી છેડા (શેરડી), શ્રીમતી વિજ્યાબેન ઉજમશી, શ્રીમતી સ્મિતા નરેન્દ્ર, શ્રીમતી જયશ્રી અરવિંદ, શ્રીમતી ભારતી અનીલ, શ્રીમતી ચાંદની દિવ્યેશ, શ્રીમતી શિલ્પા ભાવેશ, શ્રીમતી લીઝા નિકુંજ, શ્રીમતી નિશા હેમાંક, ભવ્ય, નિધિ, દીપ

**સાધર્મિક ભક્તિ :** ● શ્રી પાર્શ્વ યુવક મંડળ, ગદગ

**બપોરની ચા :** ● શ્રીમતી સુશીલાબાઈ રતિલાલ ખીંયશી સાવલા પરિવાર (ડુમરા) ગદગ -
હં કેતન રતિલાલ સાવલા

**ચૌવહિાર ભક્તિ :** ● શેઠશ્રી લખમશી લધાભાઈ નાગડા પરિવાર (જખૌ) ગદગ હ. શ્રી જીતેન દિલીપ નાગડા, ગદગ

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 47/2014

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri. R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## અધ્યાત્મ - યાત્રા ની પ્રસાદી - લહેરચંદ મૈશેરી - ભાંડુપ

અધ્યાત્મ યોગી આનંદ ઘનજીના પદોના વર્ણને પૂ. સા. શ્રી ભાવગુણાશ્રીજી મ.સા.ના વ્યાખ્યાને રત્ન કણિકાઓ.

- જીભ કાબુમાં રાખો તો જીવ આબુમાં.
- ગુરૂ કડક રહેતો મોક્ષ સડક સહજ.
- પુણ્યથી ધન, યૌવન, ચતુરાઈ, નિરામયતા અને પ્રિયજનનો મેળાપ થાય.
- શીલ સહિત કાયાએ પરમપદ સહજ કરાવે.
- કોઈ પણ તપ લક્ષ - વેધી કરો.
- ભાવને પકડો તો પ્રભાવ પડે.
- પ્રભુ પાસે ભરાઈ ને છલકાઈ જાવ.
- સમાજમાં મા અને મુનિ જાગતા હોવા ઘટે!!
- મહાવીર પાસેથી વીરપણુંજ મંગાય.
- માગણી પણ ધીંગા ઘણી પાસે કરાય.
- માં - બાપ સાથે રહે છે તે નહીં પણ અમે મા - બાપ સાથે રહીએ છીએ તે જ ખુમારી!!
- વિર્પોઉલ્લાસ પ્રગટાવી આંતર ચક્ષુ શાસ્ત્ર આંખ અને શ્રદ્ધા તલવાર રાખો.
- શ્રદ્ધાએ એક કદમ ચાલે પ્રભુ ૯૯ કદમ સામે આવશે!
- વીર વાણીના માપ ના હોય.
- ઓળખ ર્ક્યા પછી પ્રભુ પ્રિયતમ લાગ્યા વિના ના રહે.
- હર આનંદનું ઉપવન કરો.
- સામાયિકે સમતાની અનુભૂતિ કેળવો.
- ભાગ્યથી મળ્યાનો સ્વીકાર કરો.
- ગૃહસ્થ જીવનની વફાદારી રાખો.
- ગૃહમાં ગુણ અને કલાને પ્રાધાન્ય આપો ઘર સ્વર્ગ બનશે.
- સંગ્રહને નહીં ત્યાગને મહત્વ આપો.
- શ્રેષ્ઠ માતા આ લોક સાથે પરલોકની ચીંતા કરે.
- સમ્યગ માટે દેહ - અહંકાર - મમતા છોડવા પડે.

### ચૂંટણી અંગેની અપીલો પ્રકાશિત કરવા વિષયક સૂચના

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનની આગામી ચૂંટણીઓના ઉમેદવારોને મત આપવા અનુરોધ / અપીલ કરતી જાહેરાતોની મેટરોમાં અપીલકર્તા જ્ઞાતિજનોનાં જે નામોનો ઉલ્લેખ થયેલ હશે તેમની સહીઓ જરૂરી રહેશે અથવા ઉમદેવારે તે અંગે જવાબદારી લેવા બાંહેધરી આપવી પડશે. તેવી જ રીતે આ જાહેરાતોની અગોતરી ચૂકવણી કરવાની રહશે. યોગ્ય ભાષામાં લખાયેલ જાહેરાતોજ છપાશે. - તંત્રી

● તરસ અને તર્પણ ભાવ રાખો તો સંયમ સહજ મળે.

● આગ્રહ અને કદાગ્રહ કાઢી નાખો તો કોઈ ગ્રહ નડે નહીં પણ અડે.

● શુદ્ધ ભાવે રાત પડે ને રંગોળી થાય દિવસ ઉગે ને દિવાળી થાય!

● તપે શાંત, પ્રશાંત અને ઉપશાંત રહો.

● વસ્તુ માત્ર પર વૈરાગ્ય દૃષ્ટિ રાખો.

● નિંદ્રાની ચાર અવસ્થા નિંદ્રા - તંદ્રા - જાગર - અને ઉજાગર.

● ગૌતમ સ્વામીની ચિતામાં હાડકાંપણ વીર - વીર નો નાદ પોકારતા હતા.

● દોષોને કાઢો તે જ લીલા!

● આરાધનાએ સૌ. વગર કહે પણ સજ્જ ધજ્જ થઈ જાય તેનું નામ જ પર્વ.

● કદર અને આદરથી અપેક્ષિત કાર્યકર ન થઈ શકે.

● શરીર અને આત્માની બેટરી ચાર્જીંગ માટે જિનાલય અને જિન દર્શન છે.

● નેટ પ્રેક્ટીશ વગર મેદાને પડાય જ નહીં સાધના - આરાધના અને ઉપાસના સતત અને સખ્ત કરો.

● સમ્યગ જ્ઞાન, દર્શન અને ચરિત્ર એ ફાઈવ સ્ટાર્સ થાળી!

● પૃથ્વી પર ભોગ અને પહાડ પર યોગ માટે જ તીર્થસ્થાનો પહાડ ઉપર છે.

● મોબાઈલના રીંગ ટોનમાં ગાથાની કડીઓ રાખો તો તમારી સાથે બીજાને પણ તારશો.

● સજ્જન શ્રાવક ગૃહલક્ષ્મી (શ્રાવિકા) નો અનાદર કરતો નથી.

● વિવેક રાખો, વિશ્વાસઘાતથી બચી જશો.

● રાત્રી ભોજન નર્કનું નેશનલ હાઈવે છે.

● કર્મસત્તાનું મુહુર્ત નથી હોતું.

● સારું ન કરવું તે જ પ્રમાદ.

● સિદ્ધશીલાના પ્રથમ આસન કટાસણા ઉપર બેસતાં શીખો - સિદ્ધગતિની સડકે ચડશો.

● રાગના પાત્રો વધે તેમ - તેમ દેષના પણ આપોઆપ વધે છે.

● ચશ્મા કાચ સાથે કરૂણાના પહેરો.

● વૈરાગ્યનું અંતીમ ચરણ વિતરાગતા છે.

● પરમાત્મા અનુરાગનો મોબાઈલ રાખો.

---

**અગત્યની સુચનાઓ**

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**સુચના :** જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

||શ્રી શાંતિજિન નમો નમ:|| ||શ્રી ગણેશાય નમો નમ:|| || શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમો નમ:||

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ આયોજિત

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનો સમુહ લગ્નોત્સવ - ૨૦૧૪

મુખ્ય સહયોગી શણગાર : માતુશ્રી નવલબેન નવિનચંદ્ર ધરમશી પરિવાર, સુથરી-પુના-માટુંગા

સહયોગી શણગાર : માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા પરિવાર ગામ-સાંયરા-ડોંબિવલી

**વિશેષ સહયોગ : શ્રી ક. દ. ઓ. જૈન મહાજન, સુથરી-કચ્છ**

**કન્યાદાન મુખ્ય દાતાશ્રી : માતુશ્રી કુંવરબાઈ ભવાનજી સોની-સુથરી-જુહુ હ.જયંત સોની (જોય ગ્રુપ-મુંબઈ)**

**સ્નેહી સ્વજન શ્રી :**

પરમાત્મા કૃપાએ, વડિલોના અનુગ્રહે અને જ્ઞાતિજનોની ઉદારતાએ પ્રિત પિયુને પાનેતરના ત્રિવેણી સંગમનો પ્રયાગ રચાયો છે. ત્યારે ૫-૫ આત્માઓ સંસારની વેદિકા પર એકયતના અનાહત નાદ ગજવશે. અબીલ-ગુલાલની ગુલછડી ઉડશે.....સાજન -માજન માંડવે ભેગા થશે, ત્યારે સમગ્ર જ્ઞાતિજનો મહાનુભવો શુભ આશિષ આપી મંગલ પ્રસંગના સાક્ષી બનશે. આવો સુથરી મહાતીર્થના આંગણે સવંત ૨૦૭૧ માગસર વદ-૧, રવિવાર તા.૦૭/૧૨/૨૦૧૪ ના હર્ષ અને હેતના તોરણ બાંધી આ અનેરા ૨૨માં સમુહલગ્નોત્સવ પ્રસંગે આપશ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિજનો તથા આમંત્રિત મહેમાનો ને ભાવભર્યું નિમંત્રણ છે.

લિ. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ

જયેશ જૈન (અધ્યક્ષ) ગોવિંદજી પટેલ (ઉપાધ્યક્ષ)

**અવસરનો ઉત્સાહ (રાષ્ટ્ર-રાજ્ય અને જ્ઞાતિના મહાનુભવોની ઉપસ્થિતિમાં)**

**ભવ્યાતિભવ્ય સત્કાર અને અભિવાદન સમારંભ : તા.૦૭/૧૨/૨૦૧૪ રવિવાર બપોરે ૧૨.૪૫ કલાકે**

મુખ્ય અતિથી વિશેષ : માનનીય શ્રી. તારાચંદભાઈ છેડા

(રાજ્યકક્ષાના મંત્રી શ્રી ગુજરાત રાજ્ય કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, ગૌસંવર્ધક મંત્રી)

અતિથી વિશેષ:

- શ્રી વિનોદભાઈ ચાવડા (સંસદ સભ્ય, કચ્છ)
- શ્રી પંકજ મહેતા (ધારાસભ્ય -રાપર)
- શ્રી નયનભાઈ ભેદા (પ્રમુખશ્રી ક.દ.ઓ. જૈન મહાજન, મુંબઈ)
- શ્રી શામજીભાઈ દંડ (પ્રમુખશ્રી અખીલભારત અચલગચ્છ વિધીપક્ષ જૈન સંઘ)
- શ્રી પન્નાબેન મોમાયા (IPS, DSP સુરેન્દ્ર નગર ગુજરાત)
- ડૉ.શ્રીમતી નિમાબેન આચાર્ય (ધારાસભ્ય-ભુજ)
- શ્રી ત્રિકમભાઈ છાંગા (પ્રમુખશ્રી કચ્છ જિલ્લા પંચાયત)
- શ્રી જયંતભાઈ સોની (જોય ગ્રુપ અને ટ્રસ્ટીશ્રી ભલારાદાદા ટ્રસ્ટ)
- શ્રી મણીકાંતભાઈ લોડાયા (સહયોગી દાતા)
- શ્રી સંજયભાઈ ધરમશી (મુખ્ય સહયોગી દાતા)

**માંગલિક પ્રસંગો**

**માગસર સુદ ૧૫ તા.૦૬/૧૨/૨૦૧૪ શનિવાર**
સવારના ૭.૦૦ કલાકે બહારગામ થી પધારેલા જાનૈયા -માનૈયાઓ નું સ્વાગત
સવારના ૭.૩૦ કલાકે નવકારશી
સવારના ૮.૦૧ કલાકે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન
સવારના ૧૧.૩૦ કલાકે પ્રિતીભોજન બપોરના ૧.૦૦ કલાકે ધોતિયો આપવાની વિધી
બપોરના ૨.૦૦ કલાકે શ્રી મહાકાળી માતાજીની ભાવના
સાંજના ૫.૩૦ કલાકે સ્વરૂચી ભોજન
૬.૦૦ કલાકે ભલારાદાદા અને ધણીબાવા (રામાપીર) ના પાઠ
રાતના ૮.૦૦ કલાકે 'ઉછળતા હૃદયમાં રંગો ભરાશે સંગીત ના સુરો સાથે મન મયુર નાચશે' કચ્છ-કાઠિયાવાડ અને મુંબઈના પ્રખ્યાત ગાયક કલાકારો અને ઓકેસ્ટ્રા ના સંગાથે સંગીત મહોત્સવ સાથે દાંડીયા રાસ

**માગસર વદ ૧ તા. ૦૭.૧૨.૨૦૧૪ રવિવાર**
સવારના ૭.૩૦ કલાકે ''કન્યાદાન એ મહાદાન''નું સ્વપ્ન સાકાર કરતા ભવ્ય પ્રદર્શન નું ઉદ્‌ઘાટન
સવારના ૭.૩૦ કલાકે નવકારશી
સવારના ૮.૩૫ : કલાકે વરરાજા નો વરઘોડો
સવારના ૯.૩૫ : કલાકે જાનૈયાઓ નું માંડવે સ્વાગત
સવારના ૧૦.૧૫ કલાકે હસ્ત મેળાપ અને પરિણય
સવારના ૧૧.૩૦ કલાકે મનભાવતા ભોજનીયા
બપોરના ૧૨.૪૫ કલાકે સત્કાર અને અભિવાદન સમારોહ
બપોરના ૩.૩૦ કલાકે વિદાયની વ્હાલપ પળ

પરિણયનું પ્રાંગણ : શ્રી લબ્ધીનિધાન વાટિકા, સુથરી - કચ્છ, તા. અબડાસા - ૩૭૦૪૯૦

## શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ સંમેલન મોકુફઃ નવા સમયપત્રકની જાહેરાત ટુંકમાં જ

શ્રી અનંતનાથ ટ્રસ્ટ/શ્રી મુંબઈ મહાજનની આગામી તા. ૨૮-૧૨-૨૦૧૪ ચુંટણીઓમાં જ્ઞાતિની બહોળી વસતિ ધરાવતાં મુંબઈના જ્ઞાતિજનો પોતાના મતદાન અધિકારથી વંચીત ન રહે અને સમ્મેલનમાં પણ એમની ઊપસ્થિતી રહે તે માટે સમસ્ત મહાજન, જ્ઞાતિ સંમેલન રાયપુર તા.૨૬,૨૭,૨૮ ડીસેમ્બર ૨૦૧૪ ને હાલ પુરતું મૌકોફ રાખેલ છે અને ટુંક સમયમાં રાયપુરમાં જ થનાર આ સમ્મેલનની નવી તારખોની જોહેરાત ત્વરીત કરશે. ઊપરોક્ત નિર્ણય શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન ના ટ્રસ્ટબોર્ડેની તા. ૦૯-૧૧-૨૦૧૪ ની સભામાં સર્વાનુમતે લેવાયેલ.

આ ફેરફારથી યજમાન મહાજનશ્રી, તેમની ટીમ, સહયોગીઓ તથા ઉપસ્થિત રહેવા ઈચ્છુક તમામ જ્ઞાતિજનો, મહાજનો/સંસ્થા ના પદાધિકારીઓ, પ્રતિનિધિશ્રીઓ, મહાસમિતીના સર્વે માનવંતા સભ્યોને થનાર અસુવિધા બદલ અમો દીલગીર છીએ.

ઉદાર દ્રષ્ટિકોણ રાખી, જ્ઞાતિ હિતમાં લેવાયેલ નિર્ણયને વધાવી લઈ, આપ સહુ આવો જ જુરસો ઉત્સાહ કાયમ રાખી, નવા સમયપત્રક મુજબ સહભાગી થઈ સંમેલનને સફળ બનાવજો એવી અભ્યૅથના. એમ સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન વતી સેક્રેટરી જનરલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ચલો બુલાવા આયા હૈ
### માતાને બુલાયા હૈ

શ્રી વરાડીયા મુકામે મોમાયા પરિવારનાં કુળદેવી શ્રી મોમાઈમાં સ્થાનકે ત્રીજા વર્ષનું ચંડી પાઠનું આયોજન કરવામાં આવેલ છે. મોમાયા પરિવારનાં સર્વે સભ્યોને આ અનુષ્ઠાનમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**કાર્યક્રમની રૂપરેખા**

**તા. ૧.૨.૧૫ બપોરના સયાજી નગરી ટ્રેન દ્વારા પ્રયાણ**

**તા. ૩.૨.૧૫ શ્રી મોમાઈમાંની ધજા**

**તા. ૪.૨.૧૫ શ્રી ચંડીપાઠનું આયોજન**

**તા. ૫.૨.૧૪ રાતનાં સયાજી નગરી દ્વારા મુંબઈ તરફ પ્રયાણ**

વ્યક્તિદીઠ ખર્ચ રૂા. ૧૦૦૦/- (નોન રીફંડેબલ)

સર્વે ભાવિકોને નમ્ર વિનંતી કે આપ સહ પરિવાર આવો તો ઉત્તમ અગર, એ શક્ય ન હોય તો ઘર દીઠ એક જણ તો જરૂર આવો. મોમાઈમાંની કૃપા સર્વે ઉપર રહે એવી ભાવના સાથે.

**લી. મોમાયા પરિવાર વતી ભોઈમાં**

આપ આપના નામ તા. ૨૯.૧૧.૧૪ સુધીમાં નીચેનાં પ્રતિનિધીઓ પાસે લખાવો.

પ્રફુલ લખમશી મોમાયા : 9320151550,
નિરંજન કેશવજી મોમાયા : 9322224815,
ભુપેશ ચીમનલાલ મોમાયા : 9820787804,
લીના મધુકર મોમાયા : 9321691018

### માસિક પુણ્યતિથિ



જન્મ : ૯.૧૨.૧૯૫૦

અરિહંત શરણ ૧૫.૧૦.૨૦૧૪

### શ્રીમતિ યશવંતી મુલચંદ મૈશેરી

**ઘાટકોપર - મોટી સિંધોડી**

***સદા, હસમુખ ચહેરો, અતિથિ દેવો ભવ ધારી,***
***સુખ - દુઃખમાં સતત અરિહંત સ્મરણ,***
***રાગ - દ્વેષ રહિત, પુર્યષણ પર્વમાં સતત મૌન ધારી,***
***પળપળ યાદ આવતા આંખો અશ્રુભીની થયા કરે છે.***
***જ્યાં હો ત્યાં સુખ શાંતી પામો***
***એજ પ્રભુ પાસે પ્રાર્થના.***

**આપની સ્મૃતિમાં :**

**માતુશ્રી પુરબાઈ ઊમરશી ટોકરશી મૈશેરી પરિવાર**
**માતુશ્રી ધનબાઈ જીવરાજ અજાણી પરિવાર - ચેન્નઈ**


શુભેચ્છાસહ.....

## શીતલ કોટન ટ્રેડર્સ

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
**(રંગપુર-કોઈમ્બતુર)**

॥ શ્રી આદિનાથાય નમઃ ॥
॥ શ્રી મણિ-પદ્મ-જીત-હીર-બુદ્ધિ-તિલક-શાન્તિચન્દ્ર-કનકપ્રભ-સોમચન્દ્રસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥
॥ શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચંદ્ર-મહોદય-પુણ્યપાલ-હેમભૂષણસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥

તપાગચ્છના એકછત્રી અનુશાસનના અધિનાયક વિજય
સેનસૂરીશ્વરજી મહારાજાની દીક્ષાભૂમિ **સુરતનગર** ના
ઈતિહાસમાં તથા સમગ્ર ભારતવર્ષના જિનશાસનના

# ૫૦૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર જ

# ૪૪

## મુમુક્ષુરત્નોનો એકસાથે

# સંયમ સ્વીકાર

પધારો... પધારો... પધારો... પધારો... પધારો... પધારો...

**માગસર સુદ-૧૦, સોમવાર**
**તા. ૧-૧૨-૨૦૧૪**

**પાવનનિશ્રા :**
**સૂરિરામચન્દ્ર** અને **સૂરિશાન્તિચન્દ્ર** ના
સામ્રાજ્યવર્તી
પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય **જિનચન્દ્રસૂરિજી** મ.સા.
પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય **મહાબલસૂરિજી** મ.સા.
ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય **પુણ્યપાલસૂરિજી** મ.સા.
પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય **યોગતિલકસૂરિજી** મ.સા. આદિ... તથા

**'સૂરિપ્રેમ'** ના ચરમ શિષ્યરત્ન પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય **કુલચંદ્રસૂરિજી** મ.સા. આદિ...
તેમજ સૂર્યપુરીમાં બિરાજમાન સર્વે **ગુરુ ભગવંતો...**

મહોત્સવ પ્રારંભ
**માગસર સુદ-૨, સોમવાર, તા. ૨૪-૧૧-૨૦૧૪**

પ્રભુજી, પૂ. ગુરુ ભગવંતો અને દીક્ષાર્થીઓનો
અધ્યાત્મનગરીમાં પ્રવેશ તથા સંયમધર સંવાદશાળા ઉદ્‌ઘાટન
**મા. સુ. ૪, બુધવાર, તા. ૨૬-૧૧-૨૦૧૪**

રાત્રે સુરતના વિવિધ સંઘો, સમાજો દ્વારા મુમુક્ષુરત્નોનો બહુમાન સમારંભ
**મા. સુ. ૫+૬, ગુરુવાર, તા. ૨૭-૧૧-૨૦૧૪**

મહાન ગ્રન્થ **'ઉપમિતિ ભવપ્રપંચા કથા'** ના આધારે વિખ્યાત નિર્દેશક
મનોજ શાહ દ્વારા નિર્દેશિત વૈરાગ્ય પ્રેરક **'ભવપ્રપંચ'** જીવંત દૃશ્યાવલી
**મા. સુ. ૭, શુક્રવાર, તા. ૨૮-૧૧-૨૦૧૪**

સવારે વ્યાખ્યાન સમયે ઉપકરણની ઉછામણી અને અર્પણવિધિ તથા
રાત્રે ૪૪ મુમુક્ષુરત્નોની સંવેદના અને વિદાયતિલકની ઉછામણી
**મા. સુ. ૮, શનિવાર, તા. ૨૯-૧૧-૨૦૧૪**

સવારે અભૂતપૂર્વ વર્ષીદાન યાત્રા તથા રાત્રે ૭૧-૭૧ સંગીતકારો દ્વારા સંયમધર્મ સંવેદના
(વર્ષીદાન યાત્રા ઈશિતાપાર્ક, અડાજણ, કૈલાસનગર, અઠવાગેટ થઈ અધ્યાત્મનગરી જશે)
સમગ્ર સુરતના જૈન સંઘોનું સ્વામિવાત્સલ્ય
**મા. સુ. ૯, રવિવાર, તા. ૩૦-૧૧-૨૦૧૪**

સવારે ૬.૨૭ કલાકે : **દીક્ષાવિધિ પ્રારંભ**
સમગ્ર સુરતના જૈન સંઘોનું સ્વામિવાત્સલ્ય
**વિ. સં. ૨૦૭૧, મા. સુ. ૧૦, સોમવાર, તા. ૧-૧૨-૨૦૧૪**

**શુભસ્થળ**
''અધ્યાત્મનગરી'' બલર ફાર્મ, S.V.N.I.T. (S.V.R.) કોલેજ ની સામે, નહેરુનગર પેટ્રોલપંપની પાછળ, ઉમરા, **સુરત** (ગુજરાત)

**નિમંત્રક : સંયમ સુવાસ પરિવાર**
રામપુરા-એટા નિવાસી શ્રી હરગોવનદાસ દલીચંદભાઈ લાલણ પરિવાર
ધાનેરા નિવાસી માતૃશ્રી ચંપાબેન જયંતીલાલ દાનસુંગભાઈ અજબાણી પરિવાર
કચ્છ-રાપર-ગઢવાળી નિવાસી માતૃશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર
સાંચોર નિવાસી માતૃશ્રી જીવાબાઈ-રમકુબાઈ સીરેમલજી લખમાજી ચંદન પરિવાર
સાંચોર નિવાસી માતૃશ્રી પ્યારીબેન છગનલાલજી ઘમંડીરામજી કાનુંગો પરિવાર
તથા સર્વ દીક્ષાર્થી પરિવારો

સંપર્ક – સુરત : ભરતભાઈ કોઠારી : ૯૦૯૯૬ ૬૨૧૩૦ – રવીન્દ્ર જિનદત્તભાઈ : ૯૮૨૫૧ ૯૬૯૫૨ – મુંબઈ : પપ્પુભાઈ ફોફાણી : ૦૯૯૩૦૨ ૨૦૨૯૨

## ચર્ચાને ચોતરે
વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### સાથે બેસી ઉકેલ લાવીએ

'પ્રકાશ–સમીક્ષા'ના અંક નં ૪૫માં સમસ્ત મહાજન દ્વારા યોજનારા જ્ઞાતિ સંમેલન અંગે અને મુંબઈ મહાજન દ્વારા એ જ સમયે યોજનાર ચૂંટણી બાબતે પ્રકાશિત થયેલ અગ્રલેખ અને છત્તીસગઢ જ્ઞાતિ મહાજનનો મુંબઈ મહાજનને લખેલ જાહેર પત્ર વાંચીને મનમાં ગ્લાનિ થઈ.

સમાજમાં મતભિન્નતા સ્વાભવિક છે પરંતુ મનભીન્નતાની પરિસ્થિતિ ઉપજે એ હાનિકારક કહેવાય. વ્યક્તિગત અદાવતી અથવા મનદુઃખનો બળાપો કાઢી જ્ઞાતિહિતને આંચ આવે એ યોગ્ય નથી. આ બાબત રાઉન્ડ ધ ટેબલ બેસીને ચાયની પ્યાલીમાં વાદળોને શમાવાનો પ્રયત્ન થવો જોઈએ.

ઉપરોક્ત બાબતમાં વ્યક્તિગતરૂપે જેમને મનદુઃખ થયું હોય એમને હું હૈદરાબાદ પધારવા નિમંત્રણ આપું છું. આપ સર્વેને શ્રી કુલપાકજી તીર્થયાત્રા કરાવીશ અને તીર્થ સ્પર્શનાથી આપશ્રીનાં મન નિર્મલ બનાવી દઈશ એવી મારી શ્રધ્ધા છે. સાથે બેસીશું તો ઉદ્‌ભવેલ પરિસ્થિતિનો ઉકેલ પણ નીકળી આવશે. મારી વાતને યોગ્ય માની ઘટતું કરશો. કંઈક સુકૃત કરવાનો સર્વેને આનંદ મળશે.

***- હંસકુમાર રાયચંદ સાયલા, હૈદરાબાદ***

### આપણા પ્રતિભાવંત બાળકોને રાષ્ટ્રીય બાલશ્રી સન્માન લેવા પ્રેરીએ

ક.દ.ઓ. જૈન જ્ઞાતિને પ્રતિભાની બાબતમાં કુદરતે છુટે હાથે આપ્યું છે પણ આપણે અન્ય સમાજની જેમ તેઓ બૃહદ સ્તરે ઝળકે તે માટે વિશેષ પ્રયત્ન કરતા નથી.

તાજેતરમાં ઓગસ્ટમાં જેની જાહેરાત આવી અને સપ્ટેમ્બરમાં જેની રાજ્ય સ્તરીય પ્રાથમિક પસંદગી ફેરી યોજાઈ તે રાષ્ટ્રીય બાલશ્રી સન્માન યોજનાની વાત કરીએ. આ દર વર્ષે જેનું આયોજન થતું હોય તેવી વાત છે. આ સ્પર્ધાને સર્જનાત્મક લેખન, સર્જનાત્મક કલા, સર્જનાત્મક રંગમંચ કલા અને સર્જનાત્મક વિજ્ઞાન એમ ચાર ભાગમાં વહેંચવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં આનું આયોજન મહારાષ્ટ્ર રાજ્ય જવાહર બાલ ભવન - ચર્નીરોડ, મુંબઈ - ૪૦૦૦૦૪ દ્વારા કરવામાં આવ્યું હતું. તેથી મારી ધારણા છે કે દરેક રાજ્યમાં આવા બાલભવન હશેજ.

આ વર્ષે જે થયું તે આવતા વર્ષે આપણા પ્રતિભાવંત બાળકો આમાં મોટી સંખ્યામાં ભાગ લઈ જ્ઞાતિનું ગૌરવ વધારે એવી અભ્યર્થના. વાલીઓ તમને ૧૦ મહિના પહેલા જગાવ્યા છે તમારી જવાબદારી મૂકશો નહીં.

***- મહેશ મોતા, જલગામ***

અંક નં. ૪૨ માં N.T.S.E. સ્કોલરશીપ અને સેન્ટ્રલ સેક્ટર શિષ્યવૃતિ યોજના લેખના લેખક પણ મહેશ મોતા હતા. શરત ચુકથી તેમનું નામ છપાયું નહોતું. - સહતંત્રી

### હૃદયની ખર્ચાળ સારવાર કરાવતાં પહેલાં આયુર્વેદિક દવાને તક આપીએ

મને જુન મહિનામાં હાર્ટ એટક આવેલ. પહેલાં ડોંબિવલીની ખાનગી હોસ્પીટલ પછી સાયનની કીકાબાઈ હોસ્પિટલમાં સારવાર લીધી. ડોક્ટરોએ એન્જીયોગ્રાફી - બાયપાસ માટે તૈયાર રહેવાની સલાહ આપી.

સદભાગ્યે મારા મિત્રેવૈદ્ય રોહિત માધવ સાને, સાને કેર માધવ બાગ, ગાંધી માર્કેટ પાસે, મહાવીર મેડીકલની ગલીમાં, એમજી રોડ, ઘાટકોપર (પુ), ફોન નં. 21027099 પાસે જવા કહ્યું.

આ વૈદ્યની સારવારથી મને જ નહીં મારા અન્ય પરિચિતને પણ સારું થયું છે સ્વાનુભવે મારું માનવું છે કે ખર્ચાળ ડોક્ટરી સારવારમાં જવા પહેલાં આયુર્વેદિક વિકલ્પ પણ ધ્યાનમાં રાખવો જોઈએ.

***- પરેશ જવેરચંદ જીવાણી, ડોંબિવલી***

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## જ્ઞાતિના મૌલિક વિચારક શિઘ્ર કવિ પ્રેમચંદ મોતાએ સરકારની કલ્યાણ યોજનાના ખર્ચને પહોંચી વળવા કરની આવક વધારવાના કર દાતાને પણ ગમે તેવા સૂચન વડા પ્રધાન તથા નાણા પ્રધાનને મોકલવા

હાલો કલકત્તામાં વસતા મૂળ કચ્છ કુવાપધ્ધરના જ્ઞાતિજન પ્રેમચંદ માલસી મોતા તેમની શિઘ્રકવિતા ઉપરાંત ચોકઠા બહારની વિચારણા સાથેની રજૂઆતો કરવા માટે પ્રખ્યાત છે.

તાજેતરમાં તેમણે 'અચ્છે દિન આને વાલે હૈ' ના નારા સાથે વડાપ્રધાન બનેલા નરેન્દ્ર મોદીની સરકાર દેશવાસીઓની બધી અપેક્ષા પૂરી શકે તે માટે તેમની સરકારનું ભંડોળ વધારવા કર વધાર્યા વિના કર દાતાઓને કર આપવા આકર્ષી કર વસૂલી વધારવા મૌલિક સૂચન કરતા પત્રો વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને નાણા પ્રધાન અરૂણ જેટલીને મોકલ્યા છે.

આપણે પણ વાતચીતમાં અવાર નવાર કહેતા હોઈએ છે કે આ દેશમાં પ્રમાણિક કર ભરનારને સરકાર કોઈ સારી સુવિધા કે અન્ય લાભ આપે છે ખરી?

પ્રેમચંદ ભાઈએ કર દાતાઓ પ્રમાણિકતાથી કર ભરે તો તેમને કર ભરવાની શરૂઆત કર્યાના ૨૫ વર્ષ કે તેઓ ૬૫વર્ષના થઈ જાય તે પછી પેન્શન કમ બોનસ મળે તેવી મૌલિક કલ્પના રજૂ કરી છે.

તેમણે અલગ અલગ પ્રકારના કરદાતાઓ માટેની અલગ અલગ યોજનાઓ તે એકદમ વ્યવહારુ છે તેવીતેની પૂરી ગણતરીઓ સાથે વડા પ્રધાન અને નાણાપ્રધાનને મોકલી છે.

તેમનું માનવું છે કે જો સરકાર કરદાતાઓ માટે આ પ્રકારનું આકર્ષણ ઊભું કરશે તો સરકારની કરની આવકમાં અનેક ગણો વધારો થશે અને સરકાર સહેલાઈથી 'અચ્છે દિન આનેવાલ હૈ' નું સ્વપ્ન સાકાર કરી શકશે.


Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ


માનવજ્યોતની વટવૃક્ષ જેવી રીતે ફેલાયેલી પ્રવૃતિઓની ઝલક : માનવતાનું સાચું સરનામું જાણીતી અને માનીતી સંસ્થા

માનવજ્યોત હવે મુલુંડ મુંબઈ ભુજ તથા કલકતાના પ્રશંસનીય પ્રવૃતિ કરતા કેન્દ્રે ધરાવે છે.

માનવજ્યોત સંસ્થાની વિવિધ શાખાઓ દ્વારા થતી અનેકવિધ પ્રવૃતિની ઝાંખી કરાવતી પુસ્તિકાનું નામ સાર્થક રીતે માનવતાનું સાચું સરનામું રખાયેલ છે.

પ્રકાશક - પ્રાપ્તિ સ્થાન : માનવજ્યોત નિત્યાનંદ બિલ્ડીંગ, આર. પી. રોડ, મુલુંડ (પ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૯૧૯૭૫૫.


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

# સંતાન માત્ર મા વિના નહીં પિતા વિનાય અધૂરું છે

**વનિતા**



**વિશ્વ**

બૉલીવુડના એક અભિનેતાએ પત્નીની પ્રસૂતિ અને નવજાત બાળકની કાળજી માટે મેટરનિટી લીવ લીધી! પશ્ચિમમાં એન્ટીનેટલ ને પોસ્ટનેટલ કેર એટલે કે પ્રસૂતિ પહેલાં અને પ્રસૂતિ પછી લેવાની કાળજીના વર્ગો ચાલતા હોય છે. આ વર્ગો પતિ પત્ની બંનેએ ભરવાના હોય છે. ભારતમાં પણ હવે બાળઉછેરમાં પુરૂષો રસ લેવા લાગ્યા છે અને તે માટેની તાલીમ પણ લેવા લાગ્યા છે. યુવાન પતિઓ પત્નીની પ્રસૂતિ વખતે હાજર રહેવાનો આગ્રહ રાખે છે અને નવજાત બાળકને સંભાળતા પણ શીખે છે.

પશ્ચિમમાં થયેલા એક સંશોધન વિશે 'સાયકોલૉજી ટુ ડે' માં એક રસપ્રદ વાત જાણવા મળી. પિતૃત્વની બદલાતી ભૂમિકા વિશે એ સંશોધન હતું. તેમાં લખેલું કે આજથી પાંચ-છ દાયકા પહેલાં પિતા અને સંતાનો વચ્ચે આમાન્યાની ઊંચી દીવાલ હતી, પિતા અને સંતાનોને સાથે રહેવાનો મોકો મળતો એટલે પિતાની હાજરી, હુંફ અને માર્ગદર્શન મળતાં રહેતાં. પિતાનો રોલ નિરીક્ષક, માર્ગદર્શક અને ઉપદેશકનો હતો. જોકે બાળકોનો ઉછેર અને વિકાસ માનું કાર્યક્ષેત્ર ગણાતું.

ત્યાર પછી ઔદ્યૌગિક ક્રાંતિ આવી. પિતાઓને આખો દિવસ ઘરની બહાર રહેવાનું થવા લાગ્યું. સંતાનો સાથેનો તેનો સંપર્ક ઓછો ને ઓછો થતો ગયો. તેની ભૂમિકા બ્રેડ વિનર અને પ્રોવાઈડરની જ રહી ગઈ. એક એવી વ્યક્તિ જે ઘરમાં પૈસા લાવે છે. મોટી માગણીઓ માટે તેને મળવાનું થાય છે. પરસ્પર સ્વાભાવિક એક લાગણી છે. બાકી સંતાનોને પૂરા નથી ઓળખતો. બાળકોનો ઉછેર અને વિકાસ હવે પૂરા અર્થમાં માનું કાર્યક્ષેત્ર બન્યું. સંતાન સારું નીવડે તો તેનું શ્રેય માને મળે અને તે સારું ન નીવડે તોપણ દોષનો ટોપલો માના માથે ઢોળાય.

ચિત્ર ફરી બદલાયું છે. બાળકના તંદુરસ્ત વિકાસમાં પિતાનું યોગદાન આજે સ્વીકારાયું છે. 'સાયકૉલૉજીસ્ટ ટુ ડે' કહે છે કે ફાધરહુડ-પિતૃત્વ આજે એક જટિલ બાબત બની ગઈ છે. બાળકના બૌદ્ધિક અને સાંવેગિક વિકાસમાં પિતાની ભૂમિકા અગત્યની અને આગવી છે.

બાળ મનોવિજ્ઞાનનો પાયો નાખનાર એરિક એરિક્સન કહે છે કે સ્ત્રી અને પુરૂષ જુદાં છે. તેમનો સ્વાભાવ, જીવનશૈલી, દૃષ્ટિકોણ બધું જુદું છે. તેથી પિતૃત્વ અને માતૃત્વમાં ફરક છે. આઠ મહિનાનું બાળક પણ આ ફરક ઓળખતું હોય છે.

બાળકનો ઉછેરવાની, પ્રેમ આપવાની, તેની સાથે વાતચીત કરવાની બંનેની પદ્ધતિ પણ જુદી છે. આ બંનેનો અનુભવ બાળકના સંવેદનજગતને વ્યાપક અને સમૃદ્ધ બનાવે છે. સ્ત્રી અને પુરૂષના અભિગમમાં રહેલો ફરક તેને સમજાય છે. આ સમજ તેના સ્વસ્થ વિકાસ માટે ઉપકારક સાબિત થાય છે.

પિતા બાળક સાથે અલગ રીતે રમે છે. માનો અભિગમ સંરક્ષણનો હોય છે, પિતા બાળક સાથે દોડધામ, ઉછળકૂદ, ફાઈટ કરે છે. બાળકને ચડવા, વાહન ઝડપથી ચલાવવા, સ્પોર્ટ્સમાં આગળ વધવા પ્રોત્સાહન આપે છે. બાળકને પણ મજા પડે છે. ફાધરિંગ એક્સપર્ટ જ્હોન સ્નેરે કહે છે કે પિતા સાથે ધમાલમસ્તી કરેલાં બાળકો મોટા થઈને શારીરિક હિંસાને તાબે નથી થતા. તેમનામાં શિસ્ત, સાહસ અને આત્મનિયંત્રણ વધારે હોય છે. સૌમ્ય અને શક્તિનું યોગ્ય સંતુલન શીખે છે.

મા બાળકનો નિરપેક્ષ ચાહે છે. પિતા પરિણામો અને અપેક્ષા રાખે છે. મા ધ્યાન રાખવા કહે છે, પિતા શક્તિઓ જગાડવા પ્રોત્સાહન આપે છે. બેમાંથી એક સ્ટાઈલ એકલી 'અનહેલ્ધી' છે. એવું બાળક ભીરુ બને છે કે પછી વગર વિચાર્યે જોખમમાં કૂદી પડે છે. બંને સાથે મળે તો બાળક બહાદૂર બને છે અને સલામત પણ રહે છે. પિતાની બાળક સાથેની વાતચીત અલગ સ્તરે હોય છે. મા બાળક સાથે બાળક જેવી થઈ વાત કરે છે. ક્યારેક કાલીઘેલી ભાષા પણ વાપરે છે. પિતા બાળક સાથે જુદી ભાષા નથી વાપરતો.

બાળકનું શબ્દભંડોળ અને અભિવ્યક્તિ તેને

લીધે વધે છે જે તેને અભ્યાસમાં કામ આવે છે. મા બાળકને શિસ્ત શીખવે છે જેથી તે સલામત રહે. તેનું લક્ષ હમદર્દી, સંભાળ અને મદદ પર હોય છે. પિતા ન્યાય,યોગ્યતા, ફરજ, નિયમપાલન પર ભાર મૂકે છે અને વાસ્તવ વિશ્વ માટે બાળકને તૈયાર કરે છે. 'તું સારી રીતે ન વર્તે તો કોઈ તારી સાથે ન રમે' 'બરાબર ભણીશ નહીં તો સારી કૉલેજ કે સારું કામ નહીં મળે' તેવું તે સ્પષ્ટ કહે છે.

પિતા પાસે ઊછરેલાં સંતાનો વલણ ને વર્તનનાં પરિણામો વિશે વધારે જાગૃત હોય છે. પુરૂષ વિશ્વથી પરિચિત હોય છે. પિતાની નજીક હોય તે પુત્રી તરુણ વયે વિજાતીય વ્યક્તિ સાથે વધુ તંદુરસ્ત એવી મૈત્રી બાંધી શકે છે. વ્યવસ્થિત પુરૂષ સ્ત્રી સાથે કેવી રીતે વર્તે તેની તેને જાણ હોય છે. પુરૂષનું કયું વર્તન બરાબર નહીં તે તે બરાબર સમજે છે. પુરૂષના રફ ચહેરાનો સ્પર્શ, મજબૂત બાહુનું આલિંગન તેણે તંદુરસ્ત રીતે અનુભવ્યું હોય છે.

આવી છોકરીઓ ઈમોશનલ સિક્યોરિટી અને આક્રમક શોષણ વચ્ચેનો ભેદ પારખી શકે છે. પિતાની નજીક હોય તે પુત્ર આત્મવિશ્વાસ ભર્યો, મજબૂત અને ખડતલ હોય છે, આક્રમક અને હિંસક નહીં. પુરૂષત્વ અને શારીરિક ક્ષમતાને પૉઝિટિવ ઍંગલ આપતાં તેને આવડે છે. પોતાના શરીરના તબક્કાવાર વિકાસ, જાતીય આવેગો, સ્વચ્છ ટેવો વગેરે તે પિતા પાસે વધુ સારી રીતે, યોગ્ય રીતે શીખી શકે છે.

ટૂંકમાં સંતાન જેમ મા વિના અધૂરું છે તેમ પિતા વિના પણ અધૂરું છે. સ્ત્રી જેમ માતૃત્વ વિના અપૂર્ણ છે, તેમ પુરૂષને પણ પિતૃત્વ વિના અહેસાસ પૂર્ણ થતો નથી. એક સંશોધન તો ત્યાં સુધી કહે છે કે આધુનિક વિશ્વમાં બાળકની ઝંખના સ્ત્રી કરતાં પુરૂષમાં વધારે છે, અને ઘણીવાર પેરેન્ટહૂડની માત્રા પણ સ્ત્રી કરતાં પુરૂષમાં વધુ જોવા મળે છે. અમુક યુગલોમાં બાળકનું છટકે ત્યારે મા કરતા પિતા તેને ઝડપથી શાંત પાડી શકતા હોય છે. આ માત્ર પશ્ચિમની વાત નથી. ભારતમાં પણ શહેરમાં રહેતા યુવાનો પોતાના પિતૃત્વને ઓળખવા તત્પર હોય છે.પહેલાંના પિતાઓ નાહીધોઈને ચોખ્ખા થયેલા ને રમવાના મૂડમાં હોય તેવા જ સંતાનને હાથમાં લેતા કે રમાડતા. જો તે કંઈ બગાડે કે રડવા માંડે તો માને સોંપી દેતા. આજે પિતાઓ શિશુને સાફ કરતા અને તે કજિયા કરતું હોય તો શાંત કરતા શીખી ગયા છે. આ બધામાં તેમને મજા પણ પડે છે અને એમને એમ પણ લાગે છે કે આ અમારી પણ જવાબદારી છે.

થોડાં વર્ષો પહેલા થયેલા એક અભ્યાસનું તારણ એવું હતું કે ૧૯૬૫ પછી જન્મેલા પિતાઓ સંતાનો સાથે વધુ સમય ગાળે છે એટલું જ નહીં, વર્કિંગ પુરૂષ, વર્કિંગ સ્ત્રી કરતાં વધારે સારી રીતે ઘર અને કામ વચ્ચેનું સંતુલન સાચવી શકે છે. આ પિતાઓ બાળકો સાથે રમે છે, વાતો કરે છે, ટીવી જોવા કરતાં બાળકને ટાયર બદલતા કે ચેકબુક વાપરતા શીખવવાનું વધારે પસંદ કરે છે. વર્તનની સીમાઓ નક્કી કરી આપે છે અને બાળકને પોતાનું શ્રેષ્ઠ બહાર કાઢવા પ્રેરે છે. તે નિષ્ફળ જાય તો પણ.

પિતાઓ, પોતાને પૂછો-પિતા પાસેથી તમે શું ઈચ્છતા હતા જે તમને મળ્યું ? પિતા પાસેથી તમે શું ઈચ્છતા હતા જે તમને ન મળ્યું? તેમના પ્રોત્સાહનથી તમને શી મદદ મળી કે તેમના નકારાત્મક અભિગમથી તમને કઈ પીડા થઈ જે તમને હજી પણ યાદ છે? આના જવાબ તમને શીખવશે કે તમારા બાળકો શું ઈચ્છે છે.સંશોધનો કહે છે કે બાળમાનસ પર માતા જેટલો જ પિતાનો પ્રભાવ પડે છે. ક્યારેક તો વધારે. બાળઉછેર સહેલી બાબત નથી. માતૃત્વ માટે તૈયાર હોય તે યુગલે જ બાળનો પ્લાન કરવો જોઈએ.

**સોનલ પરીખ-**
**જન્મભૂમિમાંથી સાભાર**

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

# કેન્સર વિશેની આધુનિક માહિતી

ડો. વીરચંદ લખમશી નાગડા MBBS. - Bom મો. 9757303562

અત્યાર સુધી કેન્સરની સારવાર ઓપરેશન, રેડીયોથેરપી અને કેમોથેરપી હતા. વૈજ્ઞાનિકોએ કેન્સર વિશે બીજી ઘણી મહત્વની વાતો શોધી છે.

પહેલાં તો આપણે જોઈએ કે કેન્સર કેવી રીતે થાય અથવા શેને લીધે થાય - તે વિશે વૈજ્ઞાનિકો શું કહે છે? આપણી રોગપ્રતિકારક શક્તિ - લોહીમાંના હિમોગ્લોબીન, એન્ટી ઓક્સિડંટ એટલે કે વિટામીન એ, સી અને ઈ, સેલેનિયમ અને શ્રેષ્ઠ એન્ટીઓક્સીડંટ - પ્રાણવાયું વગેરે પર આધાર રાખે છે. શુદ્ધ હવામાં કસરત કરવાથી શરીરને વધુ પ્રાણવાયુ મળે અને યોગ્ય પૌષ્ટિક ખોરાક ખાઈને પચાવીએ એટલે આપણા શરીરમાં હિમોગ્લોબીન, વિટામીન એ,સી,ઈ અને સેલેનીયમ યોગ્ય પ્રમાણમાં હોય. આ બધા એન્ટીઓક્સીડંટનું પ્રમાણ આપણા શરીરમાં હવા, પાણી અને ખોરાક દ્વારા ગયેલા અશુદ્ધ પદાર્થો જેને ફ્રિ રેડીકલ કહે છે તે જો હવે શરીરમાં વધારે હોય તો કેન્સર થાય. પરંતુ જો શરીરમાં એન્ટીઓક્સીડંટ વધુ હોય તો એ કેન્સરના કોષ (સેલ) સાથે લડે અને એનો નાશ કરે.

જન્મથી કે વાતાવરણને કારણે કે ખરાબ - હાનિકારક જીવનશૈલીને લીધે આપણા શરીરમાં પૌષ્ટિક તત્વો ન જાય ત્યારે કેન્સર થવાની શક્યતા વધી જાય. પૌષ્ટિક તત્વોની ખામી હોય તો ખોરાકમાં યોગ્ય ફેરફાર કરવાથી અને જરૂર લાગે તો ડોક્ટરની સલાહ પ્રમાણે ગોળીઓ લઈ સુધારો કરી શકાય, જેથી કેન્સર સામે લડી શકાય. કેમોથેરપીથી કેન્સરના કોષો નાશ પામે છે. તેવી જ રીતે શરીરના તંદુરસ્ત કોષ ખાસ કરીને હાડકાની મજ્જા (બોનમેરો), હોજરી, આંતરડા, લીવર, કીડની, હ્રદય અને ફેફસાના કોષોને નુકસાન કરે છે માટે નિષ્ણાત ડોક્ટરની દેખરેખ નીચે થોડો સમય સારવાર લેવી બરાબર છે પણ વધુ પ્રમાણમાં નુકશાન કરી શકે છે.

કેન્સરના કોષ સફેદ ખાંડ મ્યુકસથી (ચિકાસ)થી વધે છે. માટે ખાંડ બંદ કરીએ તો કેન્સરના સેલ ગરી જાય સુગર સબસ્ટીટયુટ (સ્વેસ્ાપટડમ) લઈએ તો ઉલ્ટું તે કેન્સર ઉત્પન્ન કરી શકે માટે તે ન લેવું. થોડા પ્રમાણમાં ચોખ્ખું મધ અને ગોળ, ડાયાબીટીઝ ન હોય તો લઈ શકાય. દૂધ લેવાથી કફ, ચિકાશ (મ્યુક્સ) થાય માટે દુધ ન લેવું એને બદલે સોયામિલ્ક લ્યો. કેન્સરના કોષને એસીડ મિડિયમ ખૂબ ફાવે છે. માટે લોહીમાં એસીડ વધારે એવા પદાર્થ ન લેવા. નોનવેજીટેરીઅન ખાદયો ન લેવા. ખોરાકને અલ્કલાઈન બનાવો તો કેન્સરના સેલ મરી જશે. તેના માટે તાજા શાકભાજી, ફળો, ફળના રસ, આખું અનાજ, તેલબીયાં, સુકો મેવો, તુવેર, ચણા, મગ, વટાણા વગેરે બધા પ્રકારની સીંગો લ્યો. અમુક સપ્લીમેન્ટસથી શરીરમાં ક્લિટ સેલ બને છે જેને કારણે કેન્સરના સેલ નાશ પામે. ઉંટડીના દુધમાં કેન્સર અને ડાયાબીટીઝ મટાડે એવા તત્વો છે પણ એ મોંઘું છે. તેમજ એની આવરદા માત્ર ૪ - ૫ કલાકની જ હોય છે દોહી લીધા પછી તાજે તાજું વાપરવું જોઈએ નહીંતર નકામું.

પર્થ (ઓસ્ટ્રેલીયા) માંની વેસ્ટર્ન ઓસ્ટ્રેલીયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ રિસર્ચના સંશોધકોએ ૨૦૦૦ યુવાનો પર સંશોધન કરી તારણ કાઢયું કે સફરજન, ફણગાવેલા કઠોળ, કોબી, ફલાવર દરરોજ લેવાથી કેન્સરની શક્યતા ઘટે છે. વિવિધ શાકભાજી, ફળો તથા તેના રસના ઉપયોગથી પેટનું (આંતરડા)નું કેન્સર મટે છે. પરંતુ જેઓ તૈયાર પેકીંગ કરેલા મળતા ફળોને રસ દરરોજ કે ખુબ પીએ છે તેમને કેન્સર થવાનું જોખમ વધુ છે, કારણકે તેમાં ખુબજ ખાંડ હોય છે.

કેન્સર ઉત્પન કરનારા ટોકસીસ પદાર્થો જે કેન્સર સેલને પોષણ આપે છે તે પણ જો આપણે ઉપવાસ કરીએ તો નાશ પામે અને કેન્સર મટી જાય. તેથી જ સંશોધકો કહે છે કે છેલ્લા સ્ટેજ વખતે નકોરડા ઉપવાસ કરવાને બદલે ફળો શાકભાજીના રસ લઈએ તો વિશેષ ફાયદો થાય.

મનની નબળાઈ અને નકારાત્મક વિચારસરણીને લીધે કેન્સર થાય છે. કોઈપણ પ્રકારનું કેન્સર હોય હતાશ ન થાઓ લડવૈયા બનો. મનના પાવરથી કેન્સરને કાબુમાં લ્યો. હવે મરવાનું છે એમ વિચારવાને બદલે - જેટલું જીવન

*અનુસંધાન ૨૨માં પાને*

## OH! GOD, WHY ME?

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

Most of us in our life time face situations wherein, due to frustration and anger, I challenge or complain God, as to why He is victimising me or inflicting many problems, sadness and unpleasant things only on me. I question him as to what wrong have I committed for the suffering? Though I am a vegetarian, why lion is trying to eat me? Many times we find an answer ourselves by blaming our stars or relying on our past Karmas. May be for a wrong question we may get a wrong answer. At the same time, we rarely hold ourselves accountable and accept such things as part of life and face them head on and not to run away from them.

It is said that life is from B to D. From Birth to Death. But what is between B and D. Its 'C'. So what is this 'C'? It is a CHOICE. Our life is a matter of CHOICES and the consequences are based on the principles of Cause and Effect. To win in life first you have to win in your mind. Without Self-Confidence you are twice defeated in the race of Life. Like tea bags we don't know our strength till we are put in the hot water. Anything is better than negative nothing. Happy is a man who can make LIVING as his HOBBY. WORRYING is like walking on a treadmill. You remain where you are. In ignorance some times we forcibly drink sugarless coffee to find sugar at the bottom of the mug. Mathematics gives us a great hope that every problem has a solution. Many times problems are our own creations. Running away from any problem will increase distance from the solution.

Following story may provide clarity to your thoughts and prepare yourselves to face anything and everything that your life may offer to you.

A young woman went to her mother, wept and told her about her life and how things were so hard for her. She did not know how she was going to make it and wanted to give up. She was tired of fighting and struggling... It seemed as one problem was solved, a new one arose.

Her mother took her to the kitchen. She filled three pots with water and placed each on a high fire to boil water. In the first she placed carrots, in the second she placed eggs, and in the last she placed ground coffee beans. She let them boil; without saying a word.

In about twenty minutes she turned off the burners. She took out the carrots, eggs and coffee in a bowl..... Turning to her daughter, she asked, ' Tell me what you see.'

'Carrots, eggs, and coffee,' she replied.

Her mother brought her closer and asked her to feel the carrots. She did and noted that they were soft. The mother then asked the daughter to take an egg and break it. After pulling off the shell, she observed the hard boiled egg.

Finally, the mother asked the daughter to sip the coffee. The daughter smiled as she tasted its rich aroma. The daughter then asked, "What does it mean, mother?"

Her mother explained that, " each of these objects had faced the same adversity: boiling water. Each reacted differently. The carrot went in strong, hard and unrelenting. However, after being subjected to the boiling water, it softened and became weak. The egg had been fragile. Its thin outer shell had protected its liquid interior, but after sitting through the boiling water, its inside became hardened. The ground coffee beans were unique, however. After they were in the boiling water, they had changed the water for good."

"Which are you?" she asked her daughter. 'When adversity knocks on your door, how do you respond? Are you a carrot, an egg or a coffee bean?

Think of this: Which am I? Am I the carrot that seems strong, but with pain and adversity do I wilt and become soft and lose my strength?

Am I the egg that starts with a malleable heart, but changes with the heat? Did I have a fluid spirit, but after a death, a breakup, a financial hardship or some other trial, have I become hardened and stiff? Does my shell look the same, but on the inside am I bitter and tough with a stiff spirit and hardened heart?

Or am I like the coffee bean? The bean actually changes the hot water, the very circumstance that brings the pain. When the water gets hot, it releases the fragrance and flavour. If you are like the bean, when things are at their worst, you get better and change the situation around you. When the hour is the darkest and trials are their greatest do you elevate yourself to another level? How do you handle adversity?

Are you a carrot, an egg or a coffee bean?

May you have enough happiness to make you sweet, enough trials to make you strong, enough sorrow to keep you human and enough hope to make you happy. The happiest of people don't necessarily have the best of everything; they just make the most of everything that comes along their way.

Dear friend, hereafter, I am sure, you will never look at a cup of coffee the same way again.. and ask God instead of "WHY ME", "TRY ME.'

## TEEN TWINKLE

Compilations And Contributions by

Mrs. Neelam Dalesh Momaya M/s. Damji Bhimji Co, Station Road, Chalisgaon – 424101, Jalgaon District.

**Life's tough lessons**

It rarely pays to lose our temper. Few admire us when we shout at people, or leave the room in anger slamming the door behind us. A refusal to listen to the other side destroys any hope of a workable solution.

One of the signs of being a mature person is the ability to disagree with people without getting into a unfavorable position that a reasonable settlement is impossible. The other person's attitude and behavior may be unpleasant, but losing your temper only makes it worse. In a fit of temper we can finish a friendship or make enemies. It can never be quite the same again because we have demonstrated our lack of control. Their confidence in us has been weakened See people as they really are. Unreliable people can be interesting, charming, attractive when they are in the mood that suits them. Never rely on them for anything.

Try to give up anger. Replace it with curiosity about the person who is annoying you. What is it that is causing the person to do this, or say that, or adopt such an attitude? We cannot avoid being irritated but we should be able to avoid exploding with anger. It always helps to try to put yourself in the other person's place, no matter how badly he is making you feel. People are often unpleasant, unreasonable and even insulting, because they are worn out, feeling unwell or unsure of themselves.

If you are self important, full of yourself, wholly concerned with your own affairs, and how you look, you will take the offence seriously and find it hard to keep your temper. See what is happening and see yourself in relation to the right proportion. Try not to blow mole hills into mountains. Avoid being a perfectionist. Perfectionists are hard to please and difficult to live with. Mistakes and inefficiency make them angry. Perfectionists drive themselves and everybody else in their efforts to put things right. If you want to keep your calmness, try to understand others. It will be a lot more easier if you lessen tensions of life by not expecting the impossible from other people.

**Proverbs are lamps to life**

* A wise man will be the master of his mind. A fool will be his slave .

* A successful team is a group of many hands but of one mind.

* The human mind is like an umbrella

**Amazing Fact about dogs:**

Dogs can locate prey by sound in less than 600th of a second.

A dog's vision is 70% wider than a human being.

A bulldog's jaw can exert a pressure of 181 kilograms.

While human beings can see colours in shades of red blue and green, dogs can see blue and green only,

A greyhound can run at a top speed of 60.4 kilometres per hour.

**Amazing figures**

* One of the world's most expensive films 'war and peace' was shot over 168 locations and cost over $65 million. The film inciuded1,20,OOO extras from the red army of the former U.S.S.R .

The Great spinz of Egypt is 189 feet long and 60 feet in height made of a solid limestone rock.

The streams from cobora bassa dam in mozambic flows at an average of 6000 cubic metres per second.

**THE LIGHTER SIDE OF LIFE**

SALESMAN; 'I WONDER IF I CAN SEE YOUR MOTHER MY BOY, IS SHE ENGAGED?'

BOY: 'Engaged? ! She is married."

To my wife

Dedication in the book: "to my wife, without whose absence this book could not have been written"

Ruled or unruled?

Diner : 'Waiter, get me a paper dosa.

Waiter; "Ruled or unruled?"

By the bye

A – aim at excellence, B – Bury the past. C – Cultivate Good Friendship D – Do your duty well. E – Entertain Good thoughts. G – Gentleness helps you H – Heaven and Hell are in your mind.

## મૃત્યુ પશ્ચાતની વિધિ : ભાગ ૨- મૃત્યુ અને સંબંધ

**- પ્રવિણચંદ્ર શામજી ધરમશી કોઠારા - સુરત મો. 09978903247**

મોટા ભાગના લોકો એવું માને છે કે જન્મ કે લગ્ન પ્રસંગે કોઈ સગા સંબંધીના ઘરે ન જઈ શકાય તો ચાલે પણ મૃત્યુ સમયે જવું જરૂરી છે. આમ સંબંધની મહત્તા ને મૃત્યુની સાથે સંકળાયેલ છે. પણ સમયની સાથે દરેક પ્રથામાં પણ પરિવર્તન આવે છે, સંબંધમાં પણ પરિવર્તન આવે છે. મૃત્યુ અને સંબંધના થોડા સાંભળેલા, વાંચેલા અને અનુભવેલા કિસ્સા યથોચિત લાગવાથી રજૂ કરું છું. કેટલીક વાર મૃત્યુ કહેવાતા સંબંધનું સત્ય જાહેર કરી દે છે. અને કોઈ સસ્પેન્સ ફિલ્મની માફક દેખાતા નિર્દોષ કે પ્રતિષ્ઠિત વ્યક્તિ અંતમાં ગુન્હેગાર નીકળે છે તેવી પરિસ્થિતિ પણ સપાટી પર લાવેછે.

શહેરના એક ખુબ જ લબ્ધ પ્રતિષ્ઠિત અને ધનકુબેર શેઠનું અચાનક જ હૃદયરોગના હુમલાથી અવસાન થયું, શેઠના પૂત્રએ શેઠના અત્યંત નિકટ એવા મિત્રને (જેને તે કાકા કહેતો) ફોનથી ખબર આપ્યા 'કાકા, પિતાજીનું અવસાન થયું છે.' કાકાની પ્રતિક્રિયા 'બેટા, બહુ દુ:ખ થયું, 'બોડી' કેટલા વાગે કાઢવાના છો?' પુત્રને થયું કે ગઈ કાલ સુધી 'શેઠજી શેઠજી' કરીને આગળ પાછળ થતા કાકા માટે આજે પિતાજી 'બોડી' બની ગયા! મૃત્યુ સાથે સંબંધનું પણ મૃત્યુ થઈ ગયું.

આપણે સૌ એવું માનીએ છીએ કે મૃત્યુના દેવતા યમરાજ છે જે પાડા પર સવારી કરે છે અને મૃત્યુ સમયે યમદૂત કે યમરાજ મનુષ્યનો જીવ લેવા આવે છે. સૌરાષ્ટ્રમાં મૃત્યુ અને સંબંધ ખાસ કરીને મનુષ્યના સ્વાર્થી સ્વભાવને ઉજાગર કરતો કિસ્સો બહુ પ્રચલિત છે. એક વૃધ્ધ ડોશીમાનો એકનો એક જુવાન પુત્ર કોઈ અસાધ્ય બિમારીનો ભોગ બને છે અને પથારી વશ થઈ જાય છે. કોઈ ઉનાળાની રાત્રે અને અમાવશ્યાની રાત્રીએ ગરમીના કારણે ડોશીમાં બહાર આંગણામાં ખાટલા પર સુતા હોય છે, ત્યારે ત્યાં કોઈ ભેંસ ત્યાં આવે છે અને ડોશીમાના ખાટલા સાથે શીંગડા ઘસે છે. ડોસીમા જાગી જાય છે. એક તો ઘડપણ, ઉપરથી અમાવશ્યાની અંધારી રાત અને ડોશીમાને દેખાય પણ ઓછું. ડોશીમા સમજયા કે યમરાજ પુત્રને લેવા આવી ગયા છે. તેથી હાથ જોડીને કહે મારાજ તમે જેને લેવા આવ્યા છો તે અંદર ઓસરીમાં સૂતેલ છે હું તો તેની મા છું! આ છે સંબંધની 'ઓપન હાર્ટ સર્જરી'

અન્ય એક કિસ્સામાં એક ખ્રીસ્તી ભાઈનું મરણ થાય છે. આ ભાઈ સમાજમાં પ્રતિષ્ઠિત હતા પણ વાસ્તવમાં પોતાની પત્નીને બહુ જ ત્રાસ આપતા અને ઘણી વાર માર પીટ પણ કરતા, પણ પત્ની સંસ્કારી હતી તેથી વાત બહાર આવવા ન દીધેલ. અંતિમ સંસ્કારોની તૈયારી થઈ રહી હતી. સૌ સદ્‌ગતને પોત પોતાની રીતે શ્રધ્ધાંજલિ આપી રહ્યા એટલે કે વખાણ કરી રહ્યા હતા ત્યારે પત્ની મનમાં બોલી કદાચ આ બધા બીજી કોઈ વ્યક્તિને દફનાવવા જઈ રહ્યા છે! કેટલાક માણસો કેટલી સારી રીતે જાહેર જીવન જીવે છે જાણે જેકિલ અને હાઈડ આ ડયુઅલ પર્સનાલીટીનો જગ પ્રસિદ્ધ કિસ્સો છે.


**"બાંધણીના ચાહકો માટે અમારી પાસે હાજર છે ઝીણાબંધની કલાત્મક બાંધણીનો અદભુત ખજાનો"**

ઉત્તમ કામ - વ્યાજબી દામ રૂા. ૧૦૦૦ થી શુરૂઆત

આવો - જુઓ અને ખાતરીપુર્વક ખરીદી કરો.

**•બાંધણી •ઘરચોળા •ચણિયા ચોલી •બોર્ડર •બ્રાઈડલ ફૂટવેર •ડ્રેસ મટેરિયલ્સ**

**પાલવ** : શોપ નં. ૧, વર્ધમાન નગર, ભક્તિ માર્ગ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦૦૮૦.

ફોન. 25616842 - 25906287 E : contact@palv.com / www.palav.com **રવિવારે વિશ્રામ**



**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...**

TAN MAN TOURS & TRAVELS

**9323360708/25903514-5-6**

**tanmantravels@yahoo.co.in**

**www.tanmantour&travel.com**


શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળના મહિલા વિભાગને રજત જયંતિની શાનદાર ઉજવણી માટે અભિનંદન સાથે ઉજ્જવળ ભાવિની શુભકામના. *- તન - મન પરિવાર*


**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND

મૃત્યુના સૌથી વધારે હૃદયગમ પ્રસંગનો હું પ્રત્યક્ષ સાક્ષી છું, મારા ખુબ જ અંગત મિત્રના માતાજીનું અવસાન થયું. તેના પિતાજીનું તો વર્ષો પહેલાં અવસાન થયેલ, હું પાંચ વર્ષ ઘરથી દુર હોસ્ટેલમાં રહેલ ત્યારે આ પરિવારે મને પરિવાર જેવો સ્નેહ આપેલ. સ્વર્ગસ્થ બેનને પણ હું 'બા' કહેતો.

પાંચ ભાઈ અને ત્રણ બહેનોનો વિશાળ પરિવાર. બધા ભાઈ બહેનો ખુબ જ સુખી અને પરણિત હોવાથી અલગ રહે. બધા જ ખુબ જ સધ્ધર. હું પણ તેમના પરિવારના સદસ્ય જેવો જ હતો. તેથી 'બા' ના અવસાન સમયે હું બે દિવસ આ મારા મિત્રના ઘરે જ રહેલ.

માતાજીના અંતિમ ક્રિયા પતાવીને લગભગ રાત્રે ૧૧ વાગ્યે ઘરે આવ્યા ત્યાર પછી જે જોવા - સાંભળવામાં આવ્યું તેનાથી મને 'બા'ના મૃત્યુ કરતાં પણ વધારે દુઃખ આપ્યું. રાત્રીના ૧૨ વાગ્યે બધા જમી પરવારી બેઠા હતા. મારા મિત્રની પત્ની અને તેની પુત્રી બે જણા હજી રસોડામાં જ હતા, તેમનું જમવાનું બાકી હતું. બહાર દિવાનખાનામાં બધા ભાઈઓ તેમની પત્નીઓ તથા બહેનો અને બનેવીઓ વચ્ચે માતાજીની સંપત્તિ બાબતે ઉગ્ર ચર્ચા ચાલતી હતી.

રાત્રે બે વાગ્યે હું રસોડામાં પાણી પીવા ગયો ત્યારે મારા મિત્ર અને પત્ની અને તેની પુત્રી વાસણ માંજી રહ્યા હતા. ઘરની અન્ય સૌ મહિલા સદસ્ય સંપત્તિના બટવારા સંબંધે ચર્ચાઓ કરી રહ્યા હતા. કોઈને પણ એમ ન થયું કે મિત્ર પત્ની કે તેની પુત્રીને કામમાં સાથ આપીએ. મારા મેં મારી મિત્ર પત્ની (ભાભી) અને મિત્ર પુત્રી(ભત્રીજી)ને અંતરથી ધન્યવાદ આપ્યા.

હવે બધા ભાઈઓ વચ્ચે માત્ર ઔપચારિક સંબંધ છે કદાચ પૈતૃક સંપત્તિએ તેમને બાંધી રાખ્યા હતા. બે ભાઈઓ વચ્ચે તો બોલવાનો સંબંધ પણ નથી રહ્યો. લાગે છે કે હવે મનુષ્યો લાગણીશીલ ઓછા ને વ્યવહારૂ અને ઔપચારિક વધારે થઈ ગયા છે.

અન્ય એક કિસ્સો તો એવો અનુભવેલ છે કે મનુષ્ય સંબંધ પરથી વિશ્વાસ ઉઠી જાય તેવો છે. એક નિઃસંતાન વિધવા બહેને પોતાનું સમગ્ર જીવન પોતાના ભાઈના સંતાનોને ઉછેરવામાં સમર્પિત કરેલ, ભાઈના અવસાન બાદ બેનના એક ભત્રીજાએ તેમની તમામ જવાબદારી ઉઠાવી લીધી. જ્યારે અન્ય ચાર ભત્રીજા અને એક ભત્રીજીએ તો ભાગ્યે જ તેમની ખબર પુછેલી. આ બેનના અવસાન સમયે તો એક ભત્રીજાએ હાજરી પણ ન આપેલ. પણ પછી જયારે તે બહેનની સંપત્તિની વહેંચણીની વાત આવી ત્યારે સૌથી પહેલાં પોતાના હક્ક માટે અન્ય ભત્રીજા અને તેની પત્ની સાથે મળીને મોટા ભાગની સંપત્તિ હસ્તગત કરી લિધી. હકીકતમાં તો તેઓ એટલા સાધન સંપન્ન હતા કે તેમને સંપત્તિ નહીં પણ સન્મતિની જરૂર હતી.

---

**આરોગ્ય પ્રકાશ: ૧૮માં પાનેથી ચાલુ**

છે તેમાં લડી લેવું છે, એમ વિચારો અને વીલપાવર વધારો.

નાની નાની વાતમાં ગુસ્સો, કારણ વગરના ઝઘડા, મનની કડવાશને લીધે ટેન્શન - માનસિક તાણ વધે છે, લોહીમાં એસીડીક મીડીયમ થાય છે જે કેન્સરના સેલને માફક આવે છે. માટે માફ કરતાં શીખો, ટેક ઈટ ઈઝી ને જીવનમાં અપનાવો, સ્વભાવ બદલો, નાની નાની વાત મન પર ન લઈએ, લેટ ગો કરીએ. પ્રેમાળ બનીએ. જ્યારે ટેન્શન લાગે ત્યારે પ્રભુની પ્રાર્થના, સંગીત, ભક્તિ સંગીત, પ્રાણાયામ કરી મનમાંથી ટેન્શન દૂર કરીએ, રિલેક્સ થઈએ.

રોજ ગમતી હોય તે કસરત કરો જેથી ફેફસા દ્વારા ઓક્સીજન લોહીમાં જાય. આ ઓક્સીજન થેરપી પણ કેન્સર નાબુદ કરશે. મનપર ખરાબ અસર કરે એવા વિચાર, વાર્તાલાપ, સીરીઅલ વગેરેથી દૂર રહીએ. સદાય આનંદમાં રહીએ. હસતા રઈએ.

જગતમાં કેન્સર થયું હોય અને કાબુમાં આવ્યું હોય એવા હવે હજારો દાખલા છે એ વાત ક્યારેય ન ભુલો.



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## નલીનપુર નારી નિગમ ચૈત્ય પરિપાટી

નલીનપુર નારી નિગમ દ્વારા ચૈત્યપરિપાટી અને પ્રવાસનું આયોજન તા. ૧૮.૯.૧૪ ગદગ, હુબલી, હમ્પી, કોપલ, કુમઠા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૨૮ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

ગદગમાં શતાબ્દી પૂર્ણ કરનાર દેરાસરમાં ચિંતામણી પાર્શ્વનાથની સેવા પુજાનો લાભ લઈ ત્યાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પ. પૂ. સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા હિમાંશુશ્રીજી મ.સા.નાં દર્શન, વંદનનો લાભ લીધો. ક.દ.ઓ. જૈન મહાજન - ગદગે રહેવા તથા જમવાની સુંદર સગવડ કરી આપી હતી.

ગદગમાં જીવન સંધ્યા અને મહાજન સંચાલિત ટેકનોલોજીથી સજ્જ સ્કુલની મુલાકાત લીધેલ. શ્રી લાલજી માણેકજી લોડાયાએ ખુબજ ભાવથી બધાને જમાડયા હતા.

બીજે દિવસે કોપલમાં દાદા મુનિસુવ્રત સ્વામીની સેવા, પુજા કરી. મહાજનની નવકારસીનો લાભ લીધેલ. કોપલમાં રમેશભાઈ જયચંદ નાગડાએ સારો સહકાર આપ્યો હતો.

હમ્પીમાં શ્રીમદ રાયચંદ્ર આશ્રમની મુલકાત લઈ દર્શન કરી, જોવાલાયક સ્થળોએ ફર્યા.

હુબલીમાં અજીતનાથજી દેરાસરમાં દર્શન, વંદન લાભ લઈને ગબરૂમાં પાર્શ્વવલ્લભ દાદાનાં દર્શન કર્યા. ત્યાંની વ્યવસ્થા અને માહિતી પદમભાઈ નાગડાએ પૂરી પાડી હતી. નવકારસીનો લાભ શરદભાઈ મોમાયાએ લીધો હતો.

કુમઠામાં શેઠશ્રી નરશીનાથાનાં બંધાવેલા દેરાસરમાં શામળિયા પાર્શ્વનાથ ભગવાન અને શાંતિજિન દાદાનાં દર્શન કર્યા. ત્યાંની જમવાની વગેરે વ્યવસ્થા હિરાચંદ શાહે કરાવી આપી હતી.

પ્રવાસ દરમ્યાન બસના ખર્ચાના સહયોગી દાતા મંડળના જ કમિટિ મેમ્બર શ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા હતા.

**શ્રી સચ્ચાઈ માતાજી અને શ્રી વાછરાદાદાને નમતા ગોધરા અને બાયઠના કુરવા પરિવારના ભાવિકો**

**સ્થાપના દિવસઃ**
**શનિવાર, ૬ ડિસેમ્બર અને રવિવાર ૭ ડિસેમ્બર**
**સ્થળઃ ગોધરા**

હાલમાં ચાલી રહેલા માતાજીના સ્થાનના જિર્ણોદ્ધારનું કામ પૂર્ણ થવામાં છે. ત્યાર પછી સચ્ચાઈ માતાજી અને વાછરાદાદાની નૂતન જગ્યામાં સ્થાપના કરવામાં આવશે.

તમામ ભાવિકોએ શુક્રવાર, પાંચ ડિસેમ્બરે સાંજ સુધીમાં ગોધરા પહોંચી જવા વિનંતી છે. નિયાણી બહેનોને પરિવાર સહ પધારવા હાર્દિક આમંત્રણ છે.

સંપૂર્ણ જિર્ણોદ્ધારમાં માતબર રકમ ખર્ચાશે. ખર્ચને પહોંચી વળવા સૌ કુટુંબીજનોને સહિયારો સાથ આપવા નમ્ર વિનંતી છે. ફાળો નોંધાવવા ઇચ્છતા ભાવિકોએ નીચે આપેલા નંબર પર સંપર્ક કરવો.

સાધના રાજ કુરવા - 09967976131
જયંત ભવાનજી કુરવા - 09221589088
ભરત જેતશી કુરવા - 09322236737
યોગેશ સોમચંદ કુરવા - 09028174702
જયશ્રી કુરવા - 09322294001

## નલીનપુર નારી નિગમ વાણિજ્ય મેળો

નલીનપુર નારી નિગમ ઉપક્રમે તા. ૨૭.૯.૧૪ના સારસ્વતવાડી, મુલુંડ (વે) મધ્યે વાણિજ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોએ વિવિધ પ્રકારના સ્ટોલ રાખીને ભાગ લીધો હતો. ઉદઘાટન અતિથિ વિશેષ શ્રીમતી ડો. અમી નિરજ શાંતિલાલ શાહે કર્યું હતું. નલિયાના વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્કઃ દિનેશ દેઢિયા
92234 25676

અને આમંત્રિત મહેમાનોએ પધારી પ્રોત્સાહન આપ્યું હતું.

માતુશ્રી લીલબાઈ વસનજી ખોના, વિજય વર્ધમાન ખોના, અનિલભાઈ લક્ષ્મીચંદ ખોના, ડોઅમી નીરજ શાંતિલાલ શાહે અનુદાન આપ્યું હતું.

### શ્રી કે.ડી.ઓ. મંડળ - ડોંબિવલીની ચૈત્ય પરિપાટી

ડોંબિવલી મંડળ શ્રી કે.ડી.ઓ. દ્વારા તા. ૧૩.૯.૧૪ અને ૧૪.૯.૧૪શનિ/રવિ તીર્થોની બે દિવસીય ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવેલ. જેમાં ત્રણ બસ દ્વારા ૧૫૨ ભાવિકો એ આ યાત્રાનો લાભ લીધેલ. રસ્તામાં લોઠા ધામ તથા નંદીગ્રામની મુલાકાત લીધી હતી.

### લોઢા હેવન (ડોંબિવલી) પુર્યષણ ઊજવણી

શ્રી અચલગચ્છ જૈનસંઘ લોઢા હેવન ડોંબિવલી (ઈ) નીલજે ગામના શ્રી મહાવીર સ્વામીના જિનાલયમાં પર્યુષણ નિમિત્તે રોજ સવારથી ભક્તામર, પંચકલ્યાણ પૂજા, વ્યાખ્યાન, તેમજ ભક્તામર ડ્રો તથા પ્રભાવના થયા.

કલ્પસુત્ર પધારવવાનો લાભ રમેશભાઈ હીરજી લોડાયા (ગામ દલતુંગી) તેમજ પારણું પધરાવવાનો લાભ મણ ૨૨૨૨ માં સુભાષભાઈ જેતશી માલદે (ભાઈન્દરવાળા) એ લીધેલ. ચૌદ સ્વપનાનું કુલધ્રુત ૧૩૦૯૧ મણ તથા કુલઘી ૧૬૮૦૯ મણ થયેલ પારણાના જાગરણમાં ખુબજ રમઝટ જામી હતી. આર્યરક્ષીત વિદ્યાપીઠથી દક્ષાબેન રમણીકભાઈ પાસડ (ગામ દેઢીયા) તથા રક્ષાબેન સચીન ગોસર (ગામ ડુમરા) હાલ ડોંબિવલી વ્યાખ્યાન વાંચન કરવા આવેલ. અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી વતી ઉષાબેન રાજેન્દ્ર ડાઘાએ જહેમત ઉઠાવેલ.

પર્યુષણ મહાપર્વ બાદ ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવેલ. તપસ્વીઓને નિઃશુલ્ક યાત્રા કરાવવામાં આવેલ. જેમાં માનસ મંદિર (શાહપુર), ધર્મચક્ર (નાશિક) શ્રી શાંતિનાથ જિનાલય, શ્રી મુનસુવ્રત સ્વામી જિનાલય અને શ્રી સંભવનાથ જિનાલય (દેવલાલી) ના દર્શન કરાવવામાં આવ્યા હતા.

### સખીવૃંદ - પુના વાર્ષિક સામાન્ય સભા

સખીવૃંદ- પુનાની સભા ૧૧ ઓક્ટોબરના હોટેલ નૈવેદમમાં યોજાઈ. થીમ હતો રંગ (કલર). કલ્પના લાપસિયાએ સર્વે સભ્ય બહેનોનું જાતે બનાવેલા તેમજ તે વ્યક્તિના સંદેશ સાથેના રંગબેરંગી કાર્ડ આપી સ્વાગત કર્યું. મીતા લાલકા, રીતા ભાટેએ થીમનો પરિચય આપી સૌને આવકાર્યા. નવકારમંત્રનું સભ્ય બહેનો દ્વારા પઠણ થયું.

પૂ. ગાંધીજી, પુ. લાલબહાદુર શાસ્ત્રીના જન્મદિવસની યાદ તાજી કરી સાથે અહિંસાનો રંગ સફેદની માહિતી મીતાબહેને આપી. જૈન ધર્મધ્વજ, રાષ્ટ્રધ્વજમાં આવતા રંગોની સમજને રીટાબેન આપી. દરેકના મનગમતા રંગ મુજબ તે વ્યક્તિનું વ્યક્તિત્વ કેવું હોય એનો ઉલ્લેખ કર્યો. ઓક્ટોબરના જન્મદિવસના સભ્યોને સર્વેએ ગીતના સૂરમાં શુભેચ્છા આપી નીતાબેન દંડને ૫૦ વર્ષ પુરા થયાના અભિનંદન આપ્યા, એમણે એ ખુશાલીમાં રૂા. ૫૦૦૦ મંડળને ભેટ આપ્યા.

વંદના ધરમસીએ આ વર્ષના ઈનામના દાતા પૂ. વડીલશ્રી વિજયાબેન નાગડાનું સન્માન કર્યું. ડોનેશન આપવા બદલ પૂ. કાંતાબેન ધરમશીનું શાલ ઓઢાડી તેમજ નીતાબેનને માળા પહેરાવી કમિટીએ અભિવાદન કર્યું. મંડળવતી વંદનાએ સર્વેનો આભાર માન્યો.

મીતાબેને, રીટાબેને રંગોની સવિસ્તર માહિતી આપી. આ વર્ષથી પોપ્યુલર મિટીંગની ટ્રોફી મીતાબેન વતી અપાશે, એની રજૂઆત તેમણે કરી. પુષ્પા લોડાયાએ વર્ષ દરમ્યાન લેવાયેલ મિટિંગના અહેવાલ તેમજ નિયમો


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

વાંચ્યા. વંદનાએ હિસાબની રજૂઆત કરી. ઈનામ વિતરણ થયું.

સ્વરચીતમાં બેસ્ટ મિટીંગની ટ્રોફી તથા ઈનામ મીનલબેન દંડને અપાઈ, યોજીતમાં દિવ્યા ખોના, પુષ્પા લોડાયાને બેસ્ટ મિટીંગની ટ્રોફી તથા ઈનામ અપાયા. વર્ષની કુલ હાજરી માટે હીરાબેન ધરમશી, કાંતાબેન ધરમશી, મધુરીબેન લોડાયા, ચંદ્રિકાબેન રતાણી, હીના રતાણીને ઈનામ મળ્યા.

નવા સભ્યાએ પરિચય આપ્યો તેમજ રીટાબેને એમનું અભિવાદન કર્યું. પોપ્યુલર મિટીંગની ટ્રોફી, ઈનામ સભ્યોએ કરેલ વોટીંગ દ્વારા મીનલબેન દંડના ફાળે ગઈ. અંતમાં પ્રમુખ વંદનાએ સર્વેનો આભાર માન્યો શ્વેતા ડાગાએ નારીશક્તિના સંદર્ભમાં સતીનું મહાત્મય સમજાવ્યું. પુષ્પા લોડાયા દ્વારા શરુ થનાર નવી શ્રેણી 'વિવિધા' ની વિગતો રજુ થઈ.

## વડોદરામાં પર્યુષણ પર્વની ઉજવણી

વડોદરામાં પર્યુષણ અવસરે ધર્મ આરાધના કરાવવા માટે મહામંત્ર નવકાર સાધક પ.પૂ.સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના. સુશિષ્યા પ.પૂ.સા.શ્રી સુનયનાશ્રીજી મ.સા.પધારેલ.

કલ્પસુત્ર (પોથી) વહારોવવાનું: ૮૦૦૧ મણ. કલ્પસુત્ર (પોથી) વહોરાવવાનું ૮૦૦૧ મણ માતુશ્રી નીર્મળાબેન કુંવરજી લાલકા, સ્વપ્નાનું કુલ્લધૃત - ૧૨૭૧૨૯ મણ, પારણું : ૨૪૦૧ મણઃ ધનપતી ગોવિંદજી ખોના પિયુષ ધનપતી ખોના, બારસા સુત્ર વહોરાવવાનો લાભ. રૂા.૩૩૩૩૩ શ્રી રતનશી કુંવરજી લોડાયા (સાંયરા), હસ્તે માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા, શાલીભદ્ર ભંડાર- રૂા.૩૩૩૩૩ માતુશ્રી નર્મલોબેન કુંવરજી લાલકા પરિવારે લાભ લીધેલ.

શ્રી નરશીનાથાની છબીને હાર રોપણ અને માળારોપણ રૂા. ૨૫૦૨૫ માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવાર નીશીથભાઈ દંડ, શ્રી સીદ્ધાર્થરાજા બનવાનો લાભ રૂા.૧૧૧૧૧ માં ભાગ્યશાળી માતુશ્રી લક્ષ્મીબેન પદમસી પનપારીયા (હસ્તે, ચિ. રૂષભ રતીલાલ પનપારીયા) એ લીધેલ.

આખા દિવસની સ્વામિભક્તિનો આઠ દીવસોનો લાભ શ્રી રતનશી કુંવરજી લોડાયા (સાંયરા) હસ્તે માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા તથા એક દિવસની સ્વામિ ભક્તનો લાભ માતુશ્રી રતનબેન કાંતીલાલ શાહ પરિવારે લીધેલ.

પર્યુષણ પર્વ દરમિયાન તપની સુંદર આરાધનાઓ થયેલ. બાકી અઠ્ઠમ થયેલ.

શ્રી. ક.દ.ઓ.જૈન મહિલા મંડળએ અને શ્રી કે.ડી.ઓ.જૈન યુવક મંડળના હોદેદારી અને સાભ્યોએ સારો સહકાર આપ્યો.

પર્યુષણ પર્વ દરમીયાન મહિલા મંડળ આયોજીત હરિફાઈ ૭થી ૧૨ વર્ષના બાળકોમાટે નવપદ જોડી નવકાર બનાવવામાં પ્રથમ ખુશી ધુલ્લા દ્વિતીય પ્રાંજલ શર્મા, ત્રિજા હીન મૈશેરી, આશ્વાસન ઈનામ જૈનમ દંડ, મોક્ષા લોડાયા-ધૈર્ય મૈશેરી - ધ્રુવી દંડ - મુકિત દંડ બાહુલી હરિફાઈમાં સાક્ષી નાગડા-જૈનમ લાલકા-નીરાલી ધુલ્લા. વડીલો માટે ધાર્મિક અંતાક્ષરીમાં પ્રથમ ગ્રુપ- કોઠારા, બીજા ગ્રુપ - સાંધાણ અને ત્રીજા ગ્રુપ - નલીયાને ઈનામ આપવામાં આવેલ.

પ્રતિક્રમણ હરિફાઈમાં રીનાં નરેન્દ્ર ગોસર, અને બીજા રશ્મીબેન કેવલ મોમાયા. કટાસણા પોંચણામાં ભરતકામથી બૉર્ડર ભરી લાવવામાં પ્રથમ શ્રીમતી રાજુલબેન સંજ્ય મોમાયા.

દ્વિતીય કુસુમબેન કેસર ધરમથી, તૃતિય પ્રેમીલાબેન ઉત્તમચંદ માતા અને ચતુર્થ જયાબેન સોમચંદ મોમાયા, પાંચમાં રશ્મીબેન અવિનાશ દંડને ઈનામ આપવામાં આપ્યા હતા.

વેશભુષા હરિફાઈમાં પ્રથમ ગ્રુપમાં ભાકેત લોડાયા, બીજા ગ્રુપમાં મુક્તિ દંડ અને વિધી ધરમશી, ઝરણા નાગડા, નીતીકા દંડ, ધ્રુવી દંડ, ત્રીજા ગ્રુપમાં પ્રથમ શ્રીમતી હેતલબેન હીરેન મૈશેરી, બીજા શ્રીમતી રશ્મીબેન વર્ધમાન નાગડા અને શ્રીમતી રિદ્ધિબેન લાલકા અને ત્રીજા લતાબેન રાજેશ નાગડા અને કુંજલબેન નાગડાને ઈનામ આપવામાં આવ્યા હતાં, વેશભુષામાં લાભ લેનાર હરિફોને માતુશ્રી નીર્મળા બેન કુંવરજી લાલકા અને કુમારપાળ રાજા શ્રી રતીલાલ પદમશી પનપારીયા તરફથી ઈનામ આપવામાં આવ્યા હતો.

દરરોજ ધાર્મિક પેપર લેવામાં આવતા હતાં, તેમાં ગુણવંતીબેન નાગડા-પ્રાંજલ શર્મા- પુષ્પાબેન લોડાયા-રિદ્ધિબેન લાલકા-રાજુલબેન

## નવા/બદલાયેલા સરનામા – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જીબનબાલા જીતેન્દ્ર ખોના** | પ્લોટ નં ૨૮, આદિત્ય, ૧લે માળે, નુતન વર્ષા કોલોની, મોહડી રોડ, જલગામ - ૪૨૫૦૦૨ |
| **કિશોરચંદ મુલજી લોડાયા(શાહ)** | ૩૬૭૬/૧, 'જયોતિ' ૧૦ મેઈન, ૭ ક્રોસ, એમ.સી.સી.એક્સટેન્ડેડ, |
| **શિરીષ કિશોર લોડાયા** | બી બ્લોક, મેડીકલ બોયઝ હૉસ્ટેલ રોડ, દાવણગીરી-૫૭૭૦૦૪ |
| **મેહુલ એસ. દંડ** | બી-૧૬૦૧, ગોલ્ડન વિલોવ્સ, ઓફ. બી.આર.રોડ, સ્વપ્ન નગરી, વસંત ગાર્ડન, મુલુંડ (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૦ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **કિશોર એમ.શાહ** | 07022017630 | **શિરિષ કે.શાહ** | 09844268999 |
| **હર્ષદ એસ.શાહ** | 09886789883 | **મેહુલ એસ.દંડ** | 022-21644824 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૦૭.૧૪ | બેંગલોર | ગુન્નવ-બીના/સિધ્ધાર્થ દિનેશચંદ લોડાયા | સાંયરા | પુત્ર |
| ૧૩.૧૦.૧૪ | મુલુંડ | વીર-હીના/સંદીપ ધરમશી | રંગપુર | પુત્ર |
| ૧૯.૧૦.૧૪ | ડોંબિવલી | મીહીર-પૂજા/પ્રિતેશ નાગડા | નલીયા | પુત્ર |
| ૨૬.૧૦.૧૪ | બેંગલોર | નીવ-ધ્વનિ ઋષભ દિનેશચંદ લોડાયા | સાંયરા | પુત્ર |
| ૨૪.૧૦.૧૪ | ડોંબિવલી | તનીષા - હેમાલી /હિમાંશુ વીરચંદ ખોના | સાંધવ | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૧૧.૧૪ | જલગામ | કુશલ ભરત કુલીનકાંત લોડાયા | બારોઈ | ૨૭ |
| | યવતમાલ | રૂચી હિતેન્દ્ર વર્ધમાન ધરમશી | નલીયા | ૨૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૧૦.૧૪ | ડોંબિવલી | સચીન અશોકકુમાર લક્ષ્મીચંદ લોડાયા(ભુલ સુધાર) | સુથરી | ૨૭ |
| | ઘાટકોપર | વૈશાલી અનિલ જીવરાજ ગોગરી | નાગલપુર | ૨૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૧૧.૧૪ | દલતુંગી | જયંતીલાલ કેશવજી નાયા માલદે (પટેલ) | દલતુંગી | ૬૯ |
| ૦૭.૧૧.૧૪ | કાંજુરમાર્ગ | નવલબાઈ શીવજી ખીમજી લાપસીયા (દેસાઈ) | સાંયરા | ૮૨ |
| ૧૧.૧૧.૧૪ | ભાડુંપ | સંજય જેઠાલાલ ભાણજી દંડ | સાંધવ | ૫૦ |
| ૧૦.૧૧.૧૪ | ધુલીયા | પ્રીતેશ વીરચંદ નેણશી સોની | સાંયરા | ૩૬ |
| ૧૦.૧૧.૧૪ | અમલનેર | તલકચંદ નરશી લધાભાઈ નાગડા | નલીયા | ૮૧ |

મોમાયા- જયાબેન જીવાણી-લતાબેન નાગડ-વીજયાબેન ઘુલ્લા-અમીષાબેન દંડ-નીલમબેન લોડાયાને ઈનામ આપવામાં આવ્યા હતાં, પર્યુષણ પર્વદરમીયાન હરિફાઈના ઈનામો માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવાર તરફથી આપવામાં આવ્યા હતાં.

શૈક્ષણિક ઈનામો માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવાર (હનીશીથ દંડ) તરફથી ઈનામ આપવામાં આવ્યા હતાં.

### વડોદરાના તપસ્વીઓની નામાવલી

પર્યુષણ નિમિત્તે ૧૬ ઉપવાસ- શ્રીમતી સોનલબેન ધીરેનભાઈ મૈશેરી, ૯ ઉપવાસ-શ્રીમતી ભવ્યાબેન સંજીવ શર્મા, ૮ ઉપવાસ- શ્રીમતી તારાબેન લલીતભાઈ મોતા, શ્રીમતી આરતીબેન ઉપેન્દ્ર નાગડા, શ્રીમતી ચાર્મીબેન જુગલકુમાર ઠક્કર, શ્રી કમલેશ હીરજી નાગડા, શ્રી નવીન દામજી વીકમશી, શ્રી નયન મુલચંદ લોડાયા, કુમારી હર્ષા પ્રફુલ્લ લોડાયા, કુમારી ઉર્વી મહેન્દ્ર નાગડા.

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, ગદગ દેરાસર શતાબ્દી મહોત્સવ - આછી ઝલક



મુખ્ય ધજાનાં લાભાર્થીઓનુ સન્માન



રંગ મંડપની ધજાનાં લાભાર્થીઓનુ સન્માન



ક્ષેત્રપાલની ધજાનાં લાભાર્થીઓનુ સન્માન



ગદગ મહાજન દ્વારા મુંબઈ મહાજનના પ્રમુખશ્રી નયન ભેદા તથા અન્ય પદાધિકારીઓનું સન્માન



◀ રથયાત્રા દરમિયાન પૂજ્યશ્રીઓની હાજરી



શોભા યાત્રા દરમિયાનનો રથ ▶



રથ યાત્રા દરમિયાન કળસ સાથે મહિલાઓ



રથ યાત્રા દરમિયાન મહિલાવૃંદ સાથે પૂ.સાધ્વીજી મ.સા.



રથ યાત્રા દરમિયાન આપણી શાળાનાં વિદ્યાર્થીઓ



રથયાત્રાનો રાજસ્થાની દેરાસરમાં પ્રવેશ



રાજસ્થાની દેરાસરમાં વાસક્ષેપની ચાંદીની ડબ્બી અર્પણ



રથયાત્રા દરમિયાન મહાનુભવાઓ

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 | day of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ગદગ દેરાસર શતાબ્દી મહોત્સવ



મુખ્ય ધ્વજાનાં લાભાર્થીઓ શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા તથા શ્રી હરીશ શિવલાલ મુનવર



રથ યાત્રામાં હાજર રહેલ મુંબઈ મહાજનનાં પદાધિકારીઓ



બહારગામથી પધારેલ મહાનુભાવો



સ્થાનિક રહેવાસીઓની ભોજન વ્યવસ્થાનાં કાર્યકર્તાઓ



સ્થાનિક લોકોને ભોજન દરમિયાન પૂ. સાધ્વીજી દ્વારા આશીર્વાદ



મહોત્સવ દરમિયાન રાત્રે ભક્તિભાવના



યુવા કાર્યકર્તાઓ



શતાબ્દી મહોત્સવ પ્રસંગે પધારેલ ગદગની દીકરીઓ (નિયાણીઓ)

ચંદા રે મારા વીરાને કહેજો બેનો યાદ કહેવો કરે હો

## પ્રથમ પુણ્યતિથિએ અશ્રુપુરીત શ્રધ્ધાંજલિ



જીવનયાત્રા :
તા. ૧૯.૪.૧૯૫૨

અરિહંત શરણ :
તા. ૨૪.૧૧.૨૦૧૩

**હેમેન્દ્ર દેવશીભાઈ મોમાયા** (વડોદરા - સુથરી)

કર્મો સદા એવા કર્યા કે હૃદયમાં સૌના ગુંજ્યા કરે
દુખથી કદી ડર્યા નહીં વ્યવહાર કદી ચુક્યા નહીં
રહેવાને સદા દુનિયામાં કોઈ આવતું નથી
વર્ષ વિતીગયું છતાં આજે તમે અમારી વચ્ચે નથી
તેમ મન માનતું નથી.

પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો
શ્રધ્ધા સુમન અર્પણ કરનાર
માતુશ્રી ચંપાબેન દેવશીભાઈ મોમાયા તથા
સમસ્ત પરિવાર (વડોદરા - સુથરી)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,